RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક વદ - ૩ | શુક્રવાર, તા.૨૭-૧૧-૨૦૨૬ | અંક : ૧૩૦ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

અમેરિકામાં થેન્ક્સગિવિંગ પર મહાવાવાઝોડાની તબાહી

૧૧૨ કિમીની ઝડપે ફૂંકાયેલા પવનથી વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી; ૯ લાખ ઘરોમાં અંધારપટ: સેંકડો ફ્લાઈટ્સ રદ, હજારો મુસાફરો અટવાયા; ન્યૂ જર્સીમાં કટોકટી જાહેર કરી



ન્યૂજર્સી,

અમેરિકાના પૂર્વ ભાગમાં થેન્ક્સગિવિંગના સમયે ત્રાટકેલા શક્તિશાળી વાવાઝોડાએ ભારે તબાહી સર્જી છે. ભારે પવન, મૂશળધાર વરસાદ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે અને તહેવારની મુસાફરી પર માઠી અસર પડી છે. હવામાન વિભાગે આ સ્થિતિને તાજેતરના ઈતિહાસના સૌથી મોટા થેન્ક્સગિવિંગ તોફાન તરીકે વર્ણવી છે.

વીજ પુરવઠા પર નજર રાખતી વેબસાઈટ પોવર આઉટેજના અહેવાલ મુજબ, ગુરુવાર સાંજ સુધીમાં મધ્ય-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આશરે નવ લાખ ગ્રાહકો વીજળી વિના રહ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પેન્સિલવેનિયામાં ૨.૧૩ લાખથી વધુ, વર્જિનિયામાં ૧.૫ લાખથી વધુ અને મિસૂરીમાં લગભગ ૧.૨ લાખ ગ્રાહકોને વીજળી મળી શકી ન હતી. વર્જિનિયામાં આશરે બે લાખ અને મેરીલેન્ડમાં ૧.૭૭ લાખ ઘરો તથા વેપારી સંસ્થાઓમાં અંધારપટ છવાયો હતો.પૂર્વ કિનારાના વિસ્તારોમાં ૧૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવને અનેક વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી કર્યા હતા. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા મુજબ ડેલાવેર, ન્યૂ જર્સી અને દક્ષિણ-પૂર્વ પેન્સિલવેનિયામાં વૃક્ષો અને વીજ લાઈનો તૂટી પડવાથી મોટા પાયે વીજ કાપ સર્જાયો છે.

થેન્ક્સગિવિંગના સમયે આવેલા આ તોફાને હવાઈ પ્રવાસીઓની મુશ્કેલીમાં મોટો વધારો કર્યો છે. સમગ્ર દેશમાં સેંકડો ફ્લાઈટ્સ રદ થઈ છે અને હજારો ફ્લાઈટ્સ મોડી પડી રહી છે, જેના કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા છે. ફ્લાઈટઅવેરના ડેટા અનુસાર ગુરુવારે અમેરિકન હવાઈ મથકો પર ૩૫૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૭૦૦ ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો.

અમેરિકન ઓટોમોબાઈલ અસોસિએશનના અંદાજ મુજબ થેન્ક્સગિવિંગ આસપાસના સાત દિવસ દરમિયાન ૮.૧૫ કરોડ અમેરિકનો ઓછામાં ઓછા ૫૦ માઈલ દૂર પ્રવાસ કરવાના હતા.

નેશનલ વેધર સર્વિસે પૂર્વ કિનારે ભારે વરસાદ, તેજ પવન અને વ્યાપક પૂરની ચેતવણી આપી છે તથા ઈન્ટરસ્ટેટ-૯૫ કોરિડોર પર ૫૦ માઈલ પ્રતિ કલાક કે તેથી વધુ ઝડપે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ન્યૂ જર્સીના ગવર્નરે કટોકટી જાહેર કરી છે અને ન્યૂયોર્કના કેટલાક ભાગોમાં પણ કટોકટીના પગલાં લાગુ કરાયા છે.

કુવૈતમાં ડ્રોન હુમલો, ૨ ઈટાલિયન નાગરિકોનાં મોત

કુવૈત,

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ગુરુવારે કુવૈતમાં ડ્રોન હુમલાના મામલે ૨ ઈટાલિયન નાગરિકોના મોત થયા હોવાનો દાવો કરાયો છે. ઈટાલીના વિદેશ મંત્રાલયે પણ બંને નાગરિકોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે ઈરાને આ પ્રકારના કોઈપણ હુમલાનો ઈનકાર કર્યો છે.

કુવૈતના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ સૌદ અબ્દુલઅઝીઝ અલ અતવાનના જણાવ્યા અનુસાર, દેશની એર ડિફેન્સ સિસ્ટમે અનેક ડ્રોન હુમલા નિષ્ફળ બનાવ્યા હતા. આ દરમિયાન અટકાવવામાં આવેલા ડ્રોનના કાટમાળની ઝપેટમાં આવતા ૨ ઈટાલિયન નાગરિકોના મોત થયા અને ૨ અન્ય ઘાયલ થયા છે.

ઈટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાનીએ સેનેટને માહિતી આપી હતી કે મૃત્યુ પામેલા બંને નાગરિકો ટેકનિશિયન હતા અને જર્મન સંરક્ષણ કંપની રિનમેટાલના ઈટાલિયન એકમમાં કાર્યરત હતા. તેઓ કુવૈતના એક એર ડિફેન્સ સર્વેલન્સ સ્ટેશન પર તૈનાત હતા.

આ ઘટનામાં એક કુવૈતી અને એક પાકિસ્તાની નાગરિક પણ ઘાયલ થયા છે. બીજી તરફ, ઈરાનના વરિષ્ઠ સૈન્ય પ્રવક્તા જનરલ અબુલફઝલ શેકર્ચીએ જણાવ્યું કે ઈરાને ખાડી ક્ષેત્રમાં કોઈ સૈન્ય કે આક્રમક અભિયાન ચલાવ્યું નથી.

ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડીનો કહેર

રાજસ્થાનના ૪ જિલ્લાઓમાં તાપમાન ૫ ડિગ્રીથી નીચે, શીતલહેરનું એલર્ટ

નવીદિલ્હી,

દિલ્હી, પંજાબ, હરિયાણા અને હિમાચલ સહિત ઉત્તર ભારતના ૧૩ રાજ્યોમાં આજે ગાઢ ધુમ્મસનું એલર્ટ છે. જમ્મુ-કાશ્મીરમાં સતત તાપમાન ઘટી રહ્યું છે. ગુરુવારે કુલગામમાં ઝાડ પર વરસાદનું પાણી જામી ગયું. અહીં તાપમાન માઈનસમાં ચાલી રહ્યું છે.

રાજસ્થાનના ૪ જિલ્લાઓમાં તાપમાન ૫ ડિગ્રીથી નીચે આવી ગયું છે. હવામાન વિભાગે અહીં આજથી શીતલહેરનું એલર્ટ જાહેર કર્યું છે. બીજી તરફ, પૂર્વીય પવનોની અસરને કારણે આગામી ૨ દિવસ કેરળ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની શક્યતા છે. દક્ષિણ ભારતમાં ઠંડીની અસર જોવા મળી રહી છે. આંધ્ર પ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં તાપમાન ૯.૬ઝ પર પહોંચી ગયું છે, જ્યારે ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી પણ ઓછી રહી.

૨૮ અને ૨૯ નવેમ્બર દરમિયાન દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસનું એલર્ટ છે. રાજસ્થાનમાં સતત બીજા દિવસે શીત લહેરનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આંધ્ર પ્રદેશ અને રાયલસીમામાં તેજ પવન ફૂંકાઈ શકે છે.

ટ્રમ્પમાં ચીન સામે લડવાની હિંમત નથી, અમેરિકન સાંસદોનો આક્ષેપ

ભારત સહિત ૧૬ વ્યાપારી ભાગીદાર દેશોનો વિરોધ, ચીને પણ ટેરિફ વોર સામે લાલ આંખ કરી, નવા ટેરિફ રાજકારણ પ્રેરિત

વોશિંગટન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૧૬ ટ્રેડિંગ પાર્ટનર્સ દેશો પર નવા ટેરિફ નાંખવાની જાહેરાતના અમેરિકા સહિત વિશ્વમાં આકરા પડઘા પડયા છે. નવા ટેરિફ મુદ્દે ટ્રમ્પ ઘરઆંગણે પર ઘેરાયા છે. અમેરિકન સાંસદોએ ટ્રમ્પને સંભળાવી દીધું કે, અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે. ટ્રમ્પમાં તેની સામે લડવાની તાકાત નથી. એટલે ભારત સહિત અન્ય ભાગીદાર દેશોને નિશાન બનાવે છે.

બીજીબાજુ ચીને નવા ટેરિફને રાજકારણ પ્રેરિત ગણાવ્યા અને કહ્યું, ટ્રેડ વોર કે ટેરિફ વોર કોઈપણ દેશના હિતમાં નથી. ભારતે પણ વધુ પડતી ઉત્પાદન ક્ષમતાના ટ્રમ્પ સરકારના આક્ષેપોને નકારી કાઢયા હતા અને કહ્યું કે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ મુદ્દે કરારની વાટાઘાટોમાં આ અંગે ચર્ચા કરીશું. ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા સહિતના અમેરિકાના વ્યાપારિક ભાગીદાર દેશોએ ટ્રમ્પ સરકારના સૂચિત ટેરિફ વધારાની જાહેરાતનો ઉગ્ર વિરોધ કર્યો છે. ટ્રમ્પ સરકારે નવા ટેરિફની દરખાસ્તની જાહેરાત કરતાં જ ડેમોક્રેટ્સ સાંસદોએ કહ્યું કે, અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે પરંતુ ભારત જેવા દેશોને નિશાન બનાવાય છે. આ નીતિથી અમેરિકાને માત્ર નુકસાન જ થશે.

સેનેટના એક વરિષ્ઠ નેતા ચક શૂમરે ટ્રમ્પ પર હુમલો કરતાં કહ્યું કે સાચું દુશ્મન ચીન છે. પરંતુ ટ્રમ્પ સાથી દેશો વિરૂદ્ધ જ પગલાં લે છે ચીને પણ ટ્રમ્પના ટેરિફનો આકરો વિરોધ કરતા કહ્યું કે, આ ટેરિફ ખોટી માન્યતા પર લગાવાયા છે અને અમેરિકાની મનમાની ચલાવી લેવાશે નહીં. અમેરિકાના નવા ટેરિફની સૌથી વધુ પ્રતિકૂળ અસર ચીન પર પડી શકે છે, કારણ કે તેમાં ચીન પર ૨૦ ટકા ટેરિફ નંખાયો છે, જે અગાઉના ટેરિફ સાથે કુલ ૪૦થી ૪૫ ટકા સુધી થઈ શકે છે. ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે તાજેતરમાં યોજાયેલી બેઠકમાં બંને દેશ તેમની વ્યાપારિક સમજૂતીઓને બે મહિના લંબાવી હતી, જે જાન્યુઆરી ૧૦, ૨૦૨૭ના રોજ પૂરી થશે. આથી નવા ટેરિફ ૧૦ જાન્યુઆરી પછી જ અમલમાં આવે તેવી સંભાવના છે.

મહિલા અનામત, સીમાંકન બિલ પર કેન્દ્રમાં હલચલ તેજ

મોદીની અધ્યક્ષતામાં આજે કેબિનેટની મહત્ત્વની બેઠક; ૩૦ નવેમ્બરથી સંસદના વિશેષ સત્રમાં બિલ રજૂ થવાની શક્યતા,NDA માટે પડકાર

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાંઆજે શુક્રવારે બપોરે એક વાગ્યે દિલ્હીના સેવા તીર્થ ખાતે કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાશે. આ અઠવાડિયામાં કેબિનેટની આ બીજી બેઠક હશે. સામાન્ય રીતે કેબિનેટની બેઠક અઠવાડિયામાં એક વખત યોજાય છે. બીજી તરફ, કોંગ્રેસે પણ સાંજે ૪:૩૦ વાગ્યે સંસદીય સમિતિની બેઠક બોલાવી છે. તેમાં દ્વિગૃહ બ્લોકના નેતાઓ પણ સામેલ થશે. બંને બેઠકોમાં મહિલા અનામત અને સીમાંકન સંબંધિત પ્રસ્તાવિત વિધેયકો પર ચર્ચા થવાની શક્યતા છે.



લોકસભાની બેઠક ૩૦ નવેમ્બર અને રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બરથી શરૂ થશે. બંને સદનોની કાર્યવાહી ૩ ડિસેમ્બર સુધી ચાલી શકે છે. આ વિશેષ સત્રમાં પ્રશ્નકાળ અને શૂન્યકાળ નહીં હોય. લોકસભા અને રાજ્યસભા સચિવાલય તરફથી જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર, સત્રમાં જરૂરી સરકારી કામકાજ પર ધ્યાન આપવામાં આવશે.આ બિલો હેઠળ પરિસીમન દ્વારા લોકસભાની હાલની ૫૪૩ બેઠકો વધારીને મહત્તમ ૮૫૦ કરી શકાય છે. સરકારનો હેતુ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩% અનામત આપવાનો માર્ગ તૈયાર કરવાનો છે. સરકાર તેને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી લાગુ કરવા માગે છે.

લોકસભામાં દ્વૃછ સાથે ૩૧૯ સાંસદો છે. હાલમાં લોકસભાની ૩ બેઠકો ખાલી છે. એટલે કે લોકસભામાં મહત્તમ ૫૪૦ સાંસદો બિલ પર મતદાન કરશે. આ હિસાબે લોકસભામાં બિલ પસાર કરાવવા માટે જરૂરી બે તૃતીયાંશના ૩૬૦ના આંકડાથી દ્વૃછ હાલમાં ૪૧ મત પાછળ છે.રાજ્યસભામાં NDA સાથે ૧૫૧ સાંસદો છે. રાજ્યસભામાં ૨૪૩ સાંસદો મતદાન કરશે. આ મુજબ રાજ્યસભામાં બિલ પસાર કરાવવા માટે જરૂરી બે તૃતીયાંશના ૧૬૨ના આંકડાથી દ્વૃછ હાલમાં ૧૧ મત પાછળ છે.

LoC પર ભારતની સુરક્ષા વધુ અભેદ્ય થશે: પાકિસ્તાન સરહદે S-400ની પાંચમી ઢાલ તૈનાત કરવાની તૈયારી

૭૪૦ કિમી લાંબી નિયંત્રણ રેખા પર હવાઈ સુરક્ષા મજબૂત કરાશે; વાયુસેનાની ટીમ આગામી મહિને રશિયા જઈ સિસ્ટમનું નિરીક્ષણ કરશે, ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં તૈનાતીનું લક્ષ્ય

નવી દિલ્હી,

પાકિસ્તાન તરફથી સરહદ પર ઊભા થતા સુરક્ષાના પડકારો વચ્ચે ભારત જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પોતાની હવાઈ સુરક્ષા વધુ મજબૂત કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારત દ્વારા પાકિસ્તાન સાથે જોડાયેલી આશરે ૭૪૦ કિલોમીટર લાંબી નિયંત્રણ રેખા પર રશિયન બનાવટની અત્યાધુનિક S-400 એર ડિફેન્સ સિસ્ટમની પાંચમી બેટરી તૈનાત કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ પગલાથી સરહદ પર દુશ્મન દેશના ફાઈટર જેટ, મિસાઈલ અને ડ્રોન જેવા હવાઈ જોખમો સામે ભારતની સંરક્ષણ ક્ષમતા વધુ મજબૂત બનશે.

અહેવાલો અનુસાર, ભારતીય વાયુસેનાની એક વિશેષ ટીમ આગામી મહિને રશિયાની મુલાકાત લેશે. આ દરમિયાન નવી S-400 સિસ્ટમનું પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ કરવામાં આવશે. નિરીક્ષણની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ સિસ્ટમ ભારત લાવવામાં આવશે અને ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં તેને તૈનાતી માટે તૈયાર કરવાની યોજના છે. જોકે, આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ભારત પાસે હાલમાં ચાર S-400 એર ડિફેન્સ સિસ્ટમ કાર્યરત છે. આ સિસ્ટમોમાંથી ત્રણ પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે ચોથી સિસ્ટમ આસામમાં સ્થાપિત છે. આસામમાં તૈનાત સિસ્ટમ ચીન સાથે જોડાયેલી અરુણાચલ પ્રદેશની સરહદ પર હવાઈ સુરક્ષાને મજબૂત બનાવે છે. હવે પાંચમી સિસ્ટમ જમ્મુ-કાશ્મીરમાં તૈનાત કરવાની યોજના ભારતની સરહદી સુરક્ષા વ્યૂહરચનામાં મહત્ત્વનું પગલું માનવામાં આવી રહી છે.

રશિયાની S-400 ટ્રાયમ્ફ સિસ્ટમ વિશ્વની અત્યાધુનિક હવાઈ સંરક્ષણ પ્રણાલીઓમાં સામેલ છે. વર્ષ ૨૦૦૭માં લોન્ચ થયેલી આ સિસ્ટમ દુશ્મન દેશનાં ફાઈટર જેટ, બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઈલો, ડ્રોન તેમજ સ્ટેલ્થ વિમાનોને નિશાન બનાવી શકે છે. આ સિસ્ટમ લાંબા અંતરથી હવાઈ જોખમોને ઓળખી તેનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.

પાકિસ્તાને વર્લ્ડ બેંકને પણ ન છોડી, ૪૧૦૦ કરોડથી વધુ રૂપિયા મેળવીને ચાંઉ કરી ગયુ

કરાચી,

પાકિસ્તાનની વિશ્વમાં કેવી છાપ છે તે અંગે કોઈ જણાવવાની જરૂર નથી. પરંતુ હવે નાપાક પાકિસ્તાને વૈશ્વિક એજન્સીઓને પણ છેતરવાનું શરૂ કરી દીધું છે. જોકે, આ વખતે તેમની ચાલ સફળ થઈ નથી. વર્લ્ડ બેંકે પાકિસ્તાનના પંજાબ પ્રાંતને દેશનું પ્રાથમિક શિક્ષણ સુધારવા માટે ૧૫૦ મિલિયન ડોલર એટલે કે ૪૧૪૬ કરોડ પાકિસ્તાની રૂપિયા આપ્યા હતા. પાકિસ્તાને વર્લ્ડ બેંક સમક્ષ મોટા-મોટા દાવા કરીને આ ગ્રાંટ મેળી હતી પરંતુ પૈસા લઈને ચાઉં કરી ગયા અને ખાસ કોઈ કામ થયું નહીં. આ વાતની જાણ થતાં જ વર્લ્ડ બેંકે આખો પ્રોજેક્ટ ડાઉનગ્રેડ કરી દીધો છે અને સજા રૂપે હવે પછીનો હપ્તો જ્યારે નક્કર કામ થશે ત્યારે જ આપવામાં આવશે તેમ કહ્યું હતું.

GRADES પ્રોજેક્ટ હેઠળ જૂન ૨૦૨૪માં વર્લ્ડ બેંકે પંજાબ પ્રાંતને આ રકમ આપી હતી અને જૂન ૨૦૨૯ સુધીમાં તેનો ઉપયોગ કરવાનું કહ્યું હતું. આ સાથે કેટલીક શરતો પણ મૂકવામાં આવી હતી. જેમાં પ્રી-પ્રાઈમરી અને પ્રાઈમરી વર્ગોમાં છોકરીઓના પ્રવેશમાં વધારો કરવો, વધુમાં વધુ બાળકોને શાળામાં દાખલ કરવા, તેમના અભ્યાસની યોગ્ય વ્યવસ્થા કરવી અને કોવિડને કારણે શિક્ષણને થયેલું નુકસાન ભરપાઈ કરવું જેવી બાબતો સામેલ હતી. પાકિસ્તાને પણ દાવો કર્યો હતો કે આનાથી લગભગ ૫૦ લાખ બાળકો અને ૭૦૦૦ પ્રિન્સિપાલ-શિક્ષકોને ફાયદો થશે તથા શિક્ષણનું સ્તર ઊંચું આવશે.

વર્લ્ડ બેંકે પ્રાથમિક શાળાઓમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા પણ કહ્યું હતું. પરંતુ પાકિસ્તાન કોઈ પણ માપદંડ પર ખરું ઉતર્યું નહોતું. ટેકનિકલ સ્તરે જેટલું કામ થવું જોઈતું હતું તેટલું થયું નથી અને ડેટા આપવામાં પણ આનાકાની કરવામાં આવી રહી હોવાનું વર્લ્ડ બેંકના ધ્યાનમાં આવ્યું હતું. બાળકોના પ્રવેશમાં થોડો વધારો જરૂર થયો હતો.

વડોદરામાં AK 47 સાથે જૈશ-એ-મોહમ્મદનો આતંકી ઝડપાયો

ATSએ ગાડીમાંથી ૨૩ કારતૂસ સાથે આસામના શખસને ઉઠાવ્યો

વડોદરા,

વડોદરા જિલ્લાના જરોદ પોલીસ મથકની હદમાં ગુજરાત ATS દ્વારા એક મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. AK 47 સાથે જૈશ-એ-મોહમ્મદના આતંકીને ઝડપ્યો છે. એટલે કે જરોદ બસ સ્ટેશન પાસે ATSની ટીમે એક રનિંગ ગાડીમાંથી અત્યાધુનિક હથિયારોનો જથ્થો ઝડપી પાડ્યો. પ્રાથમિક તપાસમાં આ હથિયારોમાં ઘાતક ગણાતી AK-47 હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

આ કાર્યવાહી દરમિયાન ATSએ જરોદ બસ સ્ટેશન નજીકથી એક વ્યક્તિની અટકાયત કરી છે. જે પકડાયેલો આરોપી જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલો છે. હાલ ATS દ્વારા તપાસ ચાલી રહી છે. ઝડપાયેલો આરોપી મૂળ આસામનો વતની હોવાનું જાણવા મળ્યું છે અને તેની પાસેથી AK-47 ઉપરાંત ૨૩ જીવતા કારતૂસ પણ મળી આવ્યા છે. હાલ ATS દ્વારા આ શખસ આ હથિયારો ક્યાંથી લાવ્યો હતો અને ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો તે દિશામાં સઘન પૂછપરછ અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

એસબીઆઈ ક્રેડિટ કાર્ડ મોંઘું પડશે, ૧ ડિસે.થી ખિસ્સા પર પાંચ ફેરફાર

ગેસથી કાર ખરીદી અને ક્રેડિટ કાર્ડ સુધી બદલાશે નિયમો

નવી દિલ્હી,

વર્ષ ૨૦૨૬ના અંતિમ મહિના ડિસેમ્બરની શરૂઆત સાથે જ દેશના સામાન્ય નાગરિકો અને વેપારીઓને અસર કરતા પાંચ મહત્ત્વપૂર્ણ ફેરફારો અમલમાં આવવા જઈ રહ્યા છે. ૧ ડિસેમ્બરથી એલપીજી સિલિન્ડરના ભાવ, SBI ક્રેડિટ કાર્ડના ચાર્જ, કારની કિંમતો, કમોડિટી ટ્રેડિંગના માર્જિન અને GST રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં ફેરફાર થશે. આ નિયમોની સીધી અસર લોકોના ઘરખર્ચ અને નાણાકીય વ્યવહારો પર પડી શકે છે.

દર મહિનાની પહેલી તારીખ ઓઇલ કંપનીઓ ન્યૂના ભાવની સમીક્ષા કરે છે. ડિસેમ્બરમાં ઘરેલુ અને કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ફેરફાર થાય છે કે કેમ તેના પર નજર રહેશે. ATFના ભાવમાં પણ ફેરફાર શક્ય છે. SBI ક્રેડિટ કાર્ડમાં નવા નિયમ મુજબ ૩૦ હજારથી વધુના ટ્રાન્સપોર્ટેશન ટ્રાન્ઝેક્શન અને ૫૦ હજાર રૂપિયાના ફ્યુઅલ ખર્ચ પર ૧ ટકા ચાર્જ લાગશે, ટાટા મોટર્સની પેસેન્જર કારના ભાવમાં વેરિઅન્ટ પ્રમાણે ૦.૫ ટકા સુધીનો વધારો થવાની જાહેરાત કરાઈ છે, કમોડિટી ટ્રેડિંગમાં ઓછી, મધ્યમ અને વધુ વધઘટવાળી કમોડિટી માટે અનુક્રમે ૬, ૮ અને ૧૦ ટકા માર્જિન રાખવું પડશે.,GST રજિસ્ટ્રેશન રદ કરવાની પાત્ર અરજીઓની કાર્યવાહી હવે ઈલેક્ટ્રોનિક પોર્ટલ મારફતે થશે, જ્યારે બાકી રિટર્ન કે રકમવાળા કેસોની અધિકારી દ્વારા તપાસ થશે.: નવા નિયમ મુજબ ૩૦ હજારથી વધુના ટ્રાન્સપોર્ટેશન ટ્રાન્ઝેક્શન અને ૫૦ હજાર રૂપિયાના ફ્યુઅલ ખર્ચ પર ૧ ટકા ચાર્જ લાગશે.

નાગરિકોની રજૂઆતોનો પોઝિટીવ એપ્રોચથી ઉકેલ લાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જિલ્લા કલેક્ટરો અને સંબંધિત વિભાગોને સ્પષ્ટ તાકીદ

મંજૂર થયેલા પ્લોટનો કબજો અને સનદ સોંપવા, ગેરકાયદેસર દબાણો દૂર કરવા મુખ્યમંત્રીની સૂચનાઓ

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાન્ય નાગરિકોની રજૂઆતો અને લોકફરિયાદોનો પોઝિટીવ એપ્રોચ સાથે સમયમર્યાદામાં ઉકેલ લાવવાની નવેમ્બર માસના રાજ્ય સ્વાગતમાં જિલ્લા કલેક્ટરો અને સંબંધિત વિભાગોના અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જન ફરિયાદ નિવારણમાં ટેક્નોલોજીયુક્ત અભિગમથી શરૂ કરાવેલો 'સ્વાગત' સામાન્ય માનવીની રજૂઆતોના ત્વરિત નિવારાકરણનું સક્ષમ માધ્યમ બન્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એ પરંપરાને આગવી સંવેદનાથી આગળ ધપાવતાં નવેમ્બર-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં ગ્રામીણ ખેડૂતો સહિતના રજૂઆતકર્તાઓની સમસ્યાઓનું નિરાકરણ કર્યુ હતું.

આ રાજ્ય સ્વાગતમાં ૨૪૦થી વધુ રજૂઆતકર્તાઓ મુખ્યમંત્રીના કાર્યાલયમાં પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગતમાં કુલ ૧,૭૩૩ અને તાલુકા સ્વાગતમાં કુલ ૨,૧૪૯ મળીને કુલ ૪,૧૨૨થી વધુ રજૂઆતકર્તાઓની અરજીઓ પરત્વે જરૂરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મુખ્યમંત્રી સમક્ષ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ ગામના અરજદારે તેઓના પિતાને મંજૂર થયેલા પ્લોટનો કબજો તથા સનદ સોંપવા અંગેની રજૂઆત કરી હતી. આ રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રીએ હકારાત્મક અભિગમ દાખવી અરજદારને જરૂરી પ્રક્રિયા હાથ ધરી મંજૂર થયેલા પ્લોટનો કબજો સોંપવા જિલ્લા કલેક્ટર અને સ્થાનિક વહીવટી તંત્રને સૂચના આપી હતી.

આ ઉપરાંત રાજકોટના કુવાડવા ગામે આવેલી પ્રા. લિ. કંપનીને સરકાર તરફથી મળવાપાત્રા સબસિડી અંગેની રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રીએ ઉદ્યોગ અને ખાણ વિભાગને અરજદારને એક માસમાં સબસિડી મળી જાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

ગાંધીનગર જિલ્લાના ૨૭૩ ગામોમાં સરપંચપદનું અનામત રોટેશન જાહેર

ગાંધીનગર,

ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓને લઈને ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં રાજકીય હલચલ તેજ બની છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ એમ ચારેય તાલુકામાં સરપંચપદના અનામત રોટેશનની પ્રક્રિયા પૂર્ણ કરીને સત્તાવાર યાદીઓ જાહેર કરવામાં આવી છે. ખાસ કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (ઓબીસી) માટે ૨૭ ટકા અનામતનો અમલ થતાં અનેક ગામોમાં સરપંચપદ માટેના ચૂંટણી સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતા છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રવિન્દ્ર ખતાલ દ્વારા રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓને અનુસરીને આદેશો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે તૈયાર કરાયેલા રોટેશનમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા સામાન્ય કેટેગરી માટે બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. સંબંધિત મામલતદારો દ્વારા પ્રાંત અધિકારીઓ મારફતે રજૂ કરવામાં આવેલી દરખાસ્તોના આધારે જિલ્લા કલેક્ટર કચેરીએ ચારેય તાલુકાની અલગ-અલગ યાદીઓને આખરી ઓપ આપ્યો છે.

રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમમાં કરવામાં આવેલા સુધારા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૨૭ ટકા અનામત નક્કી કરવામાં આવ્યું છે. આ જોગવાઈને ધ્યાનમાં રાખીને સરપંચપદના રોટેશનની ફાળવણી કરવામાં આવી છે. જેના કારણે અગાઉ સામાન્ય કેટેગરીમાં આવતાં કેટલાક ગામોમાં હવે અનામત વર્ગના ઉમેદવારોને તક મળશે.

ગાંધીનગર તાલુકાની ૫૮ ગ્રામ પંચાયતોની આગામી સામાન્ય ચૂંટણી માટે રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. અનુસૂચિત જાતિ માટે લવારપુર, શાહપુર અને સોનારડા ગામોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં શાહપુર બેઠક અનુસૂચિત જાતિ મહિલા માટે અનામત રાખવામાં આવી છે.

સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠમાં ૨૫૧ દુર્લભ છાયાચિત્રોનું પ્રદર્શન

અમદાવાદ,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે ભારતના લોખંડી પુરુષ, અખંડ ભારતના ઘડવૈયા અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ઐતિહાસિક ઉપલક્ષ્યમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'સરદાર પટેલ: જીવન અને કાળ' વિષયક વિશેષ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનીનું આયોજન નવી પેઢીને સરદાર સાહેબના આદર્શો, રાષ્ટ્રભક્તિ અને તેમના અપ્રતિમ યોગદાનથી પરિચિત કરાવવાના ઉમદા હેતુથી કરવામાં આવ્યું છે.

આ વિશેષ પ્રદર્શનીમાં સરદાર વલ્લભભાઈ પટેલના કરમસદના બાળપણથી લઈને બેરિસ્ટર તરીકેની કારકિર્દી, ખેડા અને બારડોલી સત્યાગ્રહ જેવા ઐતિહાસિક આંદોલનો, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના અનન્ય યોગદાન, દેશી રજવાડાઓના એકીકરણની કપરી અને ઐતિહાસિક કામગીરી તેમજ અખંડ ભારતના નિર્માણમાં તેમની નિર્ણાયક ભૂમિકાને દર્શાવતાં ૨૫૧ દુર્લભ છાયાચિત્રો અને મૂળ ઐતિહાસિક દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે. આમાંના ઘણા દસ્તાવેજો અને તસવીરો અત્યાર સુધી સામાન્ય જનતા માટે અપ્રકાશિત રહ્યા હતા, જે ઇતિહાસપ્રેમીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મુલાકાતીઓ સરદાર સાહેબના જીવન અને કાર્યોને સરળતાથી અને ઊંડાણપૂર્વક સમજી શકે તે માટે આ સમગ્ર પ્રદર્શનને ૨૮ વિષયગત તથા કાલાનુક્રમિક વિભાગોમાં અત્યંત સુંદર અને વૈજ્ઞાનિક રીતે વિભાજિત કરવામાં આવ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨.૪૭ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન પુસ્તકાલયનું લોકાર્પણ

સરદારનગર, કુબેરનગર અને કોતરપુર વિસ્તારના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ઘરઆંગણે મળશે સુવિધા

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકો અને વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી સંવિધાન દિવસના પાવન અવસરે ઉત્તર ઝોનના સરદારનગર વોર્ડમાં અદ્યતન સુવિધાસભર 'ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઇબ્રેરી'નું લોકાર્પણ તથા 'ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા'નું અનાવરણ કરવામાં આવ્યું હતું.



આ સમારોહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા તથા શિક્ષણ વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના વરદહસ્તે લાઇબ્રેરી અને પ્રતિમાનું લોકાર્પણ-અનાવરણ સંપન્ન થયું હતું, જ્યારે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, સંવિધાનના શિલ્પી ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને સંવિધાન દિવસે પુસ્તકાલયના લોકાર્પણથી વિશેષ બીજી કોઈ શ્રદ્ધાંજલિ હોઈ શકે નહીં. અંદાજે ૨,૩૩૮ ચોરસ મીટર વિસ્તારમાં રૂ. ૨.૪૭ કરોડના ખર્ચે નિર્મિત આ પુસ્તકાલયમાં ૨૧૪ જેટલા વિદ્યાર્થીઓ અને નાગરિકો એકસાથે શાંતિપૂર્ણ વાતાવરણમાં અભ્યાસ કરી શકશે. તેમણે પુસ્તકાલયને વ્યક્તિત્વ ઘડતરનું પવિત્ર મંદિર ગણાવતા ઉમેર્યું હતું કે, પુસ્તકો મૌન રહીને પણ જીવનના મહત્વના પાઠ શીખવે છે, જે આ વિસ્તારના યુવાનોના સપનાઓને નવી દિશા અને ઊંચાઈ આપશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કરી એસ.ટી. બસમાં મુસાફરી

મુસાફરી દરમિયાન સહપ્રવાસીઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર અને ગોલથરા ખાતે આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં સહભાગી થવા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જવા-આવવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની સામાન્ય એસ.ટી. બસમાં મુસાફરી કરી હતી.

તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાજ્યપાલશ્રી ગાંધીનગરથી નારદીપુર જવા માટે એસ.ટી. બસમાં સવાર થયા ત્યારે બસમાં ઉપસ્થિત સામાન્ય મુસાફરોમાં આશ્ચર્ય સાથે અત્યંત આનંદની લાગણી જોવા મળી હતી. મુસાફરી દરમિયાન રાજ્યપાલશ્રીએ કોઈ પણ પ્રકારની ઔપચારિકતા વિના સહપ્રવાસીઓ સાથે અત્યંત સહજ અને ઉષ્માભર્યો સંવાદ સાધ્યો હતો. તેમણે મુસાફરોના ક્ષેમ-કુશળ પૂછીને તેમના રોજિંદા જીવન અંગે વાતચીત કરી હતી તેમજ ગ્રામ્ય વિકાસ અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

કલોલ તાલુકાના ગોલથરા અને નારદીપુર ખાતે આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમના સફળ સમાપન બાદ, આજે તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પુનઃ સામાન્ય એસ.ટી. બસમાં મુસાફરી કરીને નારદીપુરથી ગાંધીનગર પરત ફર્યા હતા. પરત ફરતી વખતે પણ તેમણે સહમુસાફરો સાથે સહજ સંવાદ સાધી તેમના જીવન અને અનુભવો વિશે વાતચીત કરી હતી.

મોંઘવારીનો વધુ એક ઝટકો,ટોરેન્ટ પાવરએ વધાર્યો ફ્યુઅલ સરચાર્જ

અમદાવાદ,

અમદાવાદ અને સુરતના વીજ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે ટોરેન્ટો પાવર દ્વારા ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટર માટે નવા દર લાગુ કરવામાં આવ્યા છે. આ વધારાને કારણે બંને શહેરોના અંદાજે ૪૩ લાખ વીજ ગ્રાહકો પર વધારાનો આર્થિક બોજ પડશે.



અમદાવાદમાં ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટ રૂ. ૩.૭૨થી વધારીને રૂ. ૪.૦૧ કરવામાં આવ્યો છે. એટલે કે હવે વીજ ગ્રાહકોએ પ્રતિ યુનિટ ૨૯ પૈસા વધુ ચૂકવવા પડશે. નવા દર ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટર માટે લાગુ કરવામાં આવ્યા છે.

સુરતના વીજ ગ્રાહકો માટે પણમાં વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે આગામી વીજ બિલમાં વધારાનો બોજ જોવા મળી શકે છે. સુરતમાં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ રૂ. ૨.૪૪થી વધારીને રૂ. ૨.૭૮ કરવામાં આવ્યો છે. એટલે કે સુરતના ગ્રાહકો માટે પ્રતિ યુનિટ ૩૪ પૈસાનો વધારો લાગુ કરવામાં આવ્યો છે. ફ્યુઅલ સરચાર્જમાં થયેલા આ વધારાની સીધી અસર પર જોવા મળશે. એટલે કે વીજળીનો વપરાશ જેટલો વધુ હશે, તેટલી જ વધેલા સરચાર્જને કારણે બિલની રકમમાં પણ વધારો થઈ શકે છે. ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટર માટે લાગુ કરાયેલા નવા દર મુજબ હવે સુરતના વીજ ગ્રાહકોએ વીજ વપરાશ ઉપરાંત વધેલો પણ ચૂકવવો પડશે. આ વધારાને કારણે ખાસ કરીને વધુ વીજળીનો વપરાશ કરતા ઘરેલુ અને અન્ય ગ્રાહકોના માસિક વીજ બિલમાં વધારાની અસર જોવા મળી શકે છે.

બાળ લગ્ન નાબૂદી દિવસની પૂર્વ સંધ્યાએ "દીકરીના નામે એક દીવો" કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,

આંતરરાષ્ટ્રીય બાળ લગ્ન નાબૂદી દિવસની પૂર્વ સંધ્યાએ સેક્ટર-૨૩ કન્યા શાળા, ગાંધીનગર ખાતે "દીકરીના નામે એક દીવો" શીર્ષક હેઠળ બાલિકાઓ માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન જસ્ટ રાઇટ્સ ફોર ચિલ્ડ્રનની સહયોગી સંસ્થા ગાયત્રી સેવા સંસ્થાન (ઉદયપુર) , જિલ્લા બાળ સુરક્ષા એકમ મહેસાણા, મહિલા અને બાળ વિકાસ વિભાગ મહેસાણા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાયશ્રી નીરૂબેન.જે પટેલ ના માર્ગદર્શન અને સહયોગથી બાલિકાઓને બાળ લગ્ન જેવી સામાજિક કુપ્રથાઓ અંગે જાગૃત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન બાળ લગ્નના દુષ્પરિણામો, દીકરીઓના શિક્ષણ, અધિકારો, સુરક્ષા અને ઉજ્જ્વળ ભવિષ્ય અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ સાથે ઉપસ્થિત તમામ બાલિકાઓ સાથે મળીને બાળ લગ્ન નાબૂદી માટેની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. બાલિકાઓએ બાળ લગ્ન અટકાવવા અને બાળ લગ્ન મુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવાનો સંકલ્પ કર્યો હતો.

"દીકરીના નામે એક દીવો" અભિયાન દ્વારા દીકરીના સન્માન, સમાનતા અને તેના સ્વપ્નોને સાકાર કરવાની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં બાળ લગ્ન સામે જાગૃતિ ફેલાવવાનો અને દીકરીઓને પોતાના અધિકારો પ્રત્યે સજાગ કરવાનો હતો.

રાજ્ય સરકારની યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસની સંપૂર્ણ પ્રક્રિયા હવે ઓનલાઈન થશે

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વેબ પોર્ટલ વિકસાવવામાં આવ્યું

ગાંધીનગર,

'ડિજિટલ ઇન્ડિયા' અને 'ડિજિટલ ગુજરાત'ના વિઝનને સાકાર કરવાના ભાગરૂપે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વધુ એક નક્કર પહેલ હાથ ધરવામાં આવી છે. સરકારી યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસની કામગીરીને વધુ ઝડપી, પારદર્શક અને પેપરલેસ બનાવવાના ઉદ્દેશ્યથી "Transforming Survey Ecosystem Web Portal" વિકસાવવામાં આવ્યું છે.

સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગના માર્ગદર્શન હેઠળ મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી દ્વારા નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)ના ટેકનિકલ સહયોગથી તૈયાર કરાયેલા આ વેબ પોર્ટલ મારફતે હવે આગામી તમામ મૂલ્યાંકન અભ્યાસો સંપૂર્ણપણે ઓનલાઈન હાથ ધરવામાં આવશે.

આ કામગીરી સુચારુ રીતે ચાલે તે માટે સચિવાલયના તમામ વિભાગોના સંયુક્ત સચિવશ્રીઓ તથા નાયબ સચિવશ્રીઓને યુઝર આઈડી અને પાસવર્ડ પૂરા પાડવામાં આવ્યા છે. જેઓ પોતાના વિભાગની યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટે જરૂરી પરિપત્રો અને ચેકલિસ્ટ સાથે સમયસર સીધી જ ઓનલાઇન દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગને મોકલી શકશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા દરખાસ્તની યોગ્યતા ચકાસ્યા બાદ તેને નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલયને ઓનલાઇન તબદીલ કરવામાં આવશે. ત્યારબાદ મૂલ્યાંકન કચેરી દ્વારા સ્ટડી ડિઝાઇન, મેથોડોલોજી તેમજ મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવા સહિતની તમામ કામગીરી ઓનલાઈન હાથ ધરવામાં આવશે.

મૂલ્યાંકન અભ્યાસની દરખાસ્ત રજૂ થાય ત્યારથી શરૂ કરીને તમામ તબક્કાઓ સહિત મૂલ્યાંકન અભ્યાસ આખરી થાય ત્યાં સુધીની સમગ્ર કામગીરીનું સતત ઓનલાઇન મોનિટરિંગ થઈ શકે તે રીતે આ વેબ પોર્ટલ ડિઝાઇન કરવામાં આવ્યું છે. વિવિધ વિભાગોના પ્રતિનિધિ-નોડલ અધિકારીઓ માટે તા. ૨૭ નવેમ્બરના રોજ સચિવાલય ખાતે વર્કશોપ યોજાશે.

સંવિધાનના મૂળ ચિત્રોમાં ભારતીય સંસ્કૃતિ, સુશાસન અને રાષ્ટ્રનિર્માણનું દર્શન સામેલ: વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી

વિધાનસભા ખાતે સંવિધાન દિવસે શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં લો કોલેજના વિદ્યાર્થીઓ સાથે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર તાલીમ સમિતિ અંતર્ગત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ભવિષ્યમાં યુવાનો જ વિધાનસભા અને લોકશાહીના વાહક બનશે. ભવિષ્યમાં યુવાનો જ વિધાનસભાનો ભાગ બનીને કાયદા ઘડવાની પ્રક્રિયામાં પ્રત્યક્ષ ભાગીદાર બનવાના છે. તેમણે બંધારણના ભાગ છમાં અનુચ્છેદ ૧૬૮, ૧૭૦ અને ૧૭૨ સહિતના અનુચ્છેદોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, વિધાનસભા હોય કે લોકસભા,



કાયદો બનાવવાની પ્રક્રિયા ગૃહમાં થાય છે અને તેમાં યુવાનોની ભૂમિકા મહત્ત્વની રહેશે.

શાસન અને ન્યાયતંત્રની ત્રિવિધ વ્યવસ્થા અંગે તેમણે કહ્યું કે, કાયદો બનાવવાનું કામ અલગ છે, તેનો અમલ કેબિનેટ અને બ્યુરોક્રેટ્સ દ્વારા થાય છે, જ્યારે અન્યાય, કાયદા કે ડ્રાફ્ટિંગના 'ગ્રે એરિયા' કે અર્થઘટનના પ્રશ્નોમાં ન્યાયતંત્ર દ્વારા ન્યાય મળે છે. યુવાનો ભવિષ્યમાં સારા એડવોકેટ બનીને કાનૂની ભાષામાં રજૂઆત કરી શકે છે અને ન્યાયપ્રક્રિયામાં જજિસ પણ બની શકે છે.

સંવિધાનની શક્તિ સમજાવતાં અધ્યક્ષશ્રીએ કહ્યું કે, તેઓ પોતે પણ એક વિદ્યાર્થી અને સામાન્ય પરિવારના નાગરિક તરીકે આજે વિધાનસભાના સ્પીકરના સ્થાને પહોંચ્યા છે. વડનગર જેવા નાનકડા ગામના સામાન્ય અને ગરીબ પરિવારમાંથી આગળ વધીને શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી બની શક્યા, તે દેશના સંવિધાનને કારણે શક્ય બન્યું છે.

ઈન્ડિયા પોસ્ટ દ્વારા રાજ્યકક્ષાની એક્સપોર્ટર્સ મીટનું અમદાવાદ ખાતે કરાયું આયોજન

ટૂંક સમયમાં ઈન્ડિયા પોસ્ટ ગ્લોબલ એક્સપ્રેસ સેવા શરૂ થશે

અમદાવાદ,

ઈન્ડિયા પોસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મેલ અને લોજિસ્ટિક્સ સેવાઓના વિસ્તરણ, નિકાસકારો સાથે વધુ સારો સમન્વય સ્થાપિત કરવા તેમજ ગ્રાહકોને વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવાના હેતુથી ગુજરાતમાં રાજ્યકક્ષાની 'નિકાસકાર પરિષદ' (એક્સપોર્ટર મીટ)નું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું. પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ)ના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર સહિત વિવિધ શહેરોના



અગ્રણી નિકાસકારો, વિવિધ ટ્રેડ અને બિઝનેસ એસોસિએશનોના હોદ્દેદારો તેમજ પોસ્ટ વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો. ડાક નિદેશાલય, નવી દિલ્હીથી ઉપસ્થિત રહેલા સહાયક મહાનિદેશક શ્રી હિમાંશુ ચૌધરીએ આંતરરાષ્ટ્રીય મેલ અને પાર્સલ સેવાઓ, કાર્યપદ્ધતિ, સેવા વિતરણમાં સુધારો, માર્કેટિંગ વ્યૂહરચનાઓ તેમજ નવા વ્યવસાયિક તકો અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તૃત માહિતી આપી. આ ઉપરાંત, પોસ્ટ વિભાગ દ્વારા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનારી આંતરરાષ્ટ્રીય સેવા 'ઈન્ડિયા પોસ્ટ ગ્લોબલ એક્સપ્રેસ' અંગે પણ વિસ્તૃત જાણકારી આપવામાં આવી. આ પ્રસંગે ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકરે જણાવ્યું કે, આ નિકાસકાર પરિષદ (એક્સપોર્ટર મીટ) માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ નિકાસકારો, ઉદ્યોગસાહસિકો અને ઈન્ડિયા પોસ્ટ વચ્ચે સંવાદ અને સહયોગને વધુ મજબૂત બનાવવા તેમજ નવી વ્યાવસાયિક સંભાવનાઓ શોધવા માટેનું એક મહત્વપૂર્ણ મંચ છે.

રાજકોટમાં પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં વકતા-સાંસદ ડો.સંબિત પાત્રાનો સંવાદ યોજાયો

વિપક્ષના નેતૃત્વમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનનો પ્રત્યુતર આપવા નાગરિક સંવાદ થકી જનતાને સાચો અરીસો બતાવાશે



રાજકોટ,પ્રમુખ નાગરિક ગોષ્ઠી સમિતિ, રાજકોટ દ્વારા અટલબિહારી બાજપાઈ ઓડીટોરીયમ, પેડક રોડ, રાજકોટ ખાતે પ્રબુદ્ધ નાગરિકો સંમેલન અને સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને પુરીના લોકપ્રિય સાંસદ ડો. સંબિત પાત્રા દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય અને વંદેમાતરમથી શુભાંરભ કરવામાં આવેલ અને પ્રખર વકતા અને પુરીના સાંસદ ડો. સંબિત પાત્રા પ્રબુધ્ધ નાગરિક ગોષ્ઠી સમિતિના સભ્યોશ્રી જયેશભાઈ ઉપાધ્યાય, અનુપમભાઈ દોશી, કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રભાઈ પાચાણી, પરિમલભાઈ પરડવા અને ડી.વી. મહેતા દ્વારા ગાંધીજીના પ્રિય એવા રેંટીયોની પ્રતિકૃતિ આપી સ્વાગત કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત પ્રમુખ નાગરિક ગોષ્ઠી સમિતના ડી.વી.મહેતા દ્વારા અને કાર્યક્રમની પ્રાસ્તાવિક રૂપરેખા પ્રદીપભાઈ ખીમાણી દ્વારા પ્રાસ્તાવિક ઉદ્બોધન કરેલ હતું. જેમાં જણાવેલ હતું કે, સરના બંધારણીય આધાર, ચુંટણી પંચના દાયિત્વ અને વિપક્ષ દ્વારા ભુતકાળમાં તેના અમલીકરણના ઉદાહરણોને સામે રાખીને વિપક્ષના આરોપો પર સવાલ ઉઠાવવા તથા તેના દાવાઓની તથ્યાત્મકતાને પડકારવામાં આવશે અને જનસમર્થન વધારવામાં આવશે તથા ચૂંટણી પ્રક્રિયાઓ અને રાજકીય જવાબદેહી અંગે વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવી રહેલી ભ્રામક માહિતી અને તેના બેવડા માપદંડોને ઉજાગર કરવામાં આવશે.

વિપક્ષના નેતૃત્વમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોનો સંકલિત પ્રત્યુત્તર આપવા રાજકીય સંવાદ, પ્રબુધ્ધ નાગરિક સંવાદ વિગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા દેશની જનતાને વિપક્ષનો સાચો અરીસો બતાવવામાં આવશે.

આ પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ઉપસ્થિત વકતાશ્રી એવા રાષ્ટ્રીય પ્રવક્તા અને પુરીના લોકપ્રિય સાંસદ ડો. સંબિત પાત્રાએ સૌ ઉપસ્થિત પ્રબુધ્ધ નાગરિકોને જણાવ્યું હતું કે, ભારતીય લોકશાહીની સૌથી મોટી તાકાત મતદાર છે ચૂંટણીમાં દરેક નાગરિકનો મત મહત્વનો છે, પરંતુ આ વ્યવસ્થા યોગ્ય રીતે ચાલે તે માટે મતદાર યાદી પણ એટલી જ સાચી અને વિશ્વસનીય હોવી જરૂરી છે.

જો મતદાર યાદીમાં એક જ વ્યકિતનું નામ એકથી વધુ જગ્યાએ હોય, મૃત્યુ પામેલા લોકોનાં નામ વર્ષો સુધી ચાલુ રહે અથવા ભારતીય નાગરિક ન હોય તેવી વ્યકિતઓનાં નામ મતદાર તરીકે નોંધાયેલાં હોય, તો ચૂંટણીની નિષ્પક્ષતા સામે સવાલ ઉભા થઈ શકે છે. આવી સમસ્યાઓને દૂર કરવા માટે ચુંટણી પંચ દ્વારા સરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ પ્રક્રિયાને લઈને કારણ વગરનો રાજકીય વિરોધ થયો, તેની કાયદેસરતા સામે સવાલો ઉઠયા અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. પરંતુ ખરેખર શું છે, તેની જરૂર શા માટે પડી અને સુપ્રીમ કોર્ટે તેના વિશે શું કહ્યું તે બાબતો ઉપસ્થિત સૌ પ્રબુધ્ધ નાગરિકોને સ્પષ્ટ અને સરળ રીતે સમજાવવામાં આવેલ હતું આ ઉપરાંત જેમાં મતદાર યાદી ચકાસણી, દાવાઓ અને વાંધા, અંતિમ યાદી મતદાન - ગણતરી -દરેક મહત્વપૂર્ણ તબકકામાં રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની હાજરી અને ચકાસણીનો સમાવેશ થાય છે જેવી બાબતોની ઝીણવટભરી અને ચોકસાઈથી જવાબો આપ્યા હતા.

આ સંમેલનમાં રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, શહેર પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, પ્રદેશ કારોબારી સભ્ય રાજુભાઈ ધ્રુવ સહિત શહેર મહામંત્રીઓ, હોદ્દેદારો તેમજ રાજકોટના પ્રબુદ્ધ નાગરિકો, બુદ્ધિજીવીઓ, શિક્ષણવિદો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ડોક્ટરો, વકીલો, પત્રકારો, સામાજિક કાર્યકરો, યુવાનો અને મહિલાઓ સહિત બહોળી સંખ્યામાં પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધી પ્રમુખ નાગરિક ગોષ્ઠી સમિતના પરિમલભાઈ એ કરી હતી.

૭૭મા બંધારણ દિવસ નિમિત્તે રાજકોટ ડિવિઝનમાં આમુખનું સામૂહિક વાંચન

ડિવિઝનલ રેલવે મેનેજરે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા



રાજકોટઃ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૭૭મા બંધારણ દિવસના ઉપલક્ષ્યમાં ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ ડીઆરએમ ઓફિસ પરિસરમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને બંધારણના આમુખનું સામૂહિક વાંચન કરાવ્યું હતું. આ પ્રસંગે તમામ રેલવે કર્મચારીઓને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સમૃદ્ધિને સુદૃઢ બનાવવાના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

શ્રી મીનાએ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને એવી પ્રતિજ્ઞા લેવડાવી હતી કે તેઓ ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને લોકતાંત્રિક પ્રજાસત્તાક બનાવી રાખવા તથા બંધારણ દ્વારા અપાયેલા મૂલ્યોનું પાલન કરવા માટે હંમેશા કટિબદ્ધ રહેશે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ વર્ષે બંધારણ દિવસની થીમ "અમારું બંધારણ, અમારું સ્વાભિમાન" રાખવામાં આવી છે.

૭૭મા બંધારણ દિવસના અવસરે ડીઆરએમ ઓફિસના તમામ વિભાગોની સાથે-સાથે રાજકોટ, જામનગર, દ્વારકા, વાંકાનેર, મોરબી અને સુરેન્દ્રનગર સહિત ડિવિઝનના તમામ મુખ્ય સ્ટેશનો પર પણ આ જ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલવે મુસાફરો અને કર્મચારીઓમાં જાગૃતિ વધારવાના ઉદ્દેશ્યથી ડીઆરએમ ઓફિસ, મુખ્ય સ્ટેશનો અને અન્ય મહત્વપૂર્ણ સ્થળો પર બંધારણના આમુખ તથા નાગરિકોની મૂળભૂત ફરજો સહિત વિવિધ માહિતી દર્શાવતા પોસ્ટર અને બેનર પણ લગાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર (છઠ્ઠઈસ) શ્રી બ્રિજેશ કુમાર સિંહ, વરિષ્ઠ ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી અમૃત સોલંકી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'બાળલગ્ન-મુક્ત ભારત અભિયાન': રાજકોટ જિલ્લામાં પાંચ વર્ષમાં ૪૩ બાળલગ્ન અટકાવાયાં

ચાર કિસ્સામાં વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી, બાળસગાઈના બે કિસ્સામાં વાલીઓને સમજણ અપાઈ

રાજકોટઃ સમાજમાંથી બાળલગ્ન જેવા કુરિવાજને નાબૂદ કરવા ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા 'બાળલગ્ન-મુક્ત ભારત અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લામાં બાળલગ્ન જેવી સામાજિક બદી સામે સમાજ સુરક્ષા વિભાગની કચેરી સક્રિયતાથી કામ કરી રહી છે. આ કચેરી દ્વારા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૪૩ બાળલગ્ન અટકાવવામાં આવ્યાં છે અને ચાર કિસ્સામાં ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મેહુલગીરી ગોસ્વામી તરફથી મળતી માહિતી મુજબ, રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧ બાળલગ્ન અટકાવવામાં આવ્યાં હતાં. આ વર્ષ દરમિયાન મળેલી વિવિધ ફરિયાદોની તપાસમાં પાંચ ફરિયાદો ખોટી હોવાનું સામે આવ્યું હતું. એક કિસ્સો અન્ય જિલ્લામાં તબદીલ કરવામાં આવ્યો હતો અને એક કિસ્સામાં માત્ર સગાઈ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૫ બાળલગ્ન અટકાવવામાં આવ્યાં હતાં. તપાસ દરમિયાન એક ફરિયાદ ખોટી હોવાનું સામે આવ્યું હતું. એક કિસ્સામાં વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને એક કિસ્સામાં માત્ર સગાઈ થઈ હોવાનું નોંધાયું હતું.

વર્ષ ૨૦૨૪-૨૫માં કચેરી દ્વારા છ બાળલગ્ન અટકાવવામાં આવ્યાં હતાં, જ્યારે બે કિસ્સામાં કાયદેસર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬માં આઠ બાળલગ્ન અટકાવવામાં આવ્યાં હતાં અને એક કિસ્સામાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બે ફરિયાદ ખોટી હોવાનું સામે આવ્યું હતું. વર્તમાન વર્ષ ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં ત્રણ બાળલગ્ન અટકાવવામાં આવ્યાં છે.

આમ, રાજકોટ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કુલ ૪૩ બાળલગ્ન અટકાવવામાં આવ્યા છે અને સગાઈના બે કિસ્સાઓમાં વાલીઓને સમજણ આપવામાં આવી છે. કચેરી દ્વારા આ મામલે સતત સક્રિયતાથી કામગીરી કરવામાં આવી રહી છે.

ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ ન કરવા આરોગ્ય તંત્રનો અનુરોધ

'વન હેલ્થ' અભિગમ સાથે જિલ્લાના તમામ પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો ખાતે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન

રાજકોટઃજીવાણુઓમાં દવાઓ સામે પ્રતિકારક શક્તિ વિકસવાની સમસ્યા એટલે કે એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ . આ સમસ્યા આજે વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય માટે ગંભીર પડકાર બની રહી છે. વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ જાગૃતિ સપ્તાહ અંતર્ગત 'એક આરોગ્ય, એક પગલું: છસ્ઈને અત્યારે જ અટકાવીએ' થીમ સાથે રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા જિલ્લાભરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.આર. આર. ફુલમાલીની યાદીમાં જણાવ્યા અનુસાર, સામાન્ય શરદી, ખાંસી કે વાયરલ તાવ જેવી તકલીફોમાં તબીબી સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓ લેવાથી, દવાઓનો અયોગ્ય ઉપયોગ કરવાથી કે સારવાર અધૂરી છોડી દેવાથી દવાઓની અસરકારકતા ઘટી જાય છે. ભવિષ્યમાં બેક્ટેરિયલ ચેપની સારવાર મુશ્કેલ ન બને તે માટે નાગરિકોએ એન્ટિબાયોટિક દવાઓનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો અત્યંત આવશ્યક છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને આયુષ્માન આરોગ્ય મંદિરો ખાતે વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. જેમાં ૠઢ અને ગ્રામ્ય કક્ષાએ માર્ગદર્શન, સાબુ અને પાણીથી હાથ ધોવાની સાચી પદ્ધતિ, મેડિકલ સ્ટોર્સની મુલાકાત લઈ પ્રિસ્ક્રિપ્શન વગર એન્ટિબાયોટિક ન વેચવા અંગે માર્ગદર્શન, સ્ટાફ તાલીમ તથા નાગરિકો દ્વારા સામૂહિક પ્રતિજ્ઞા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વધુમાં, શાળા-કોલેજોમાં રેલી, રોડ-શો, શિબિરો, વોલ પેઈન્ટિંગ સહિત જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

માનવ આરોગ્ય, પશુ આરોગ્ય અને પર્યાવરણને સાંકળતા 'વન હેલ્થ' અભિગમ હેઠળ આરોગ્ય વિભાગ ઉપરાંત પશુપાલન, ખાદ્ય સુરક્ષા અને પર્યાવરણ સંબંધિત વિભાગોના સંકલનથી છસ્ઈ અટકાવવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. જિલ્લાના તમામ નાગરિકોને આ જનજાગૃતિ અભિયાનમાં સહભાગી બની યોગ્ય એન્ટિબાયોટિક ઉપયોગ થકી સ્વસ્થ સમાજના નિર્માણમાં યોગદાન આપવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જંગલેશ્વર ડિમોલીશન ખર્ચમાં એક અધિકારીની 'બલી' ચડાવાઈ : હવે ખાતાકીય તપાસનું ફિલ્મ !

વર્ષોથી ચાલી આવતી મૌખિક સુચનાના આધારે છુટક ખર્ચ કરવાની પરંપરાનો ભોગ બનતા સાંસ્કૃતિક મેનેજર



રાજકોટઃ

ગત ફેબ્રુઆરી મહિનામાં ચૂંટણી પહેલા વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓ સાફ કરવા સહિતના કારણોથી રાજકોટના ઈતિહાસનું સૌથી મોટુ ગેરકાયદે બાંધકામ હટાવવાનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. રાજય સરકારે જાતે સુપરવિઝન કર્યુ હતું.

પરંતુ આ ડિમોલીશનના કેટલાક ખર્ચમાં ગેરરીતિ અને ઓવર પેમેન્ટ થયાના આક્ષેપો વચ્ચે રચાયેલી તપાસ સમિતિએ ઘણા દિવસો પહેલા આપી દીધેલા રીપોર્ટ પરથી કમિશનર તુષાર સુમેરાએ ગઈકાલે સાંસ્કૃતિ વિકાસ વિભાગના મેનેજર કે.ડી.ઉનાવાને સસ્પેન્ડ કર્યા છે તો વિભાગની જવાબદારીના ભાગરૂપે આરોગ્ય અધિકારી ડો.જયેશ વાંકાણી અને સેન્ટ્રલ વર્કશોપના વડા ઈજનેર જગદીશ શીંગાળા સામે ખાતાકીય તપાસનો હુકમ કર્યો છે. આ ત્રણે અધિકારીઓ સામે હવે વિભાગીય કક્ષાએ નવી તપાસ શરૂ થવાની છે.

અગાઉ જનરલ બોર્ડમાં અપાયેલા જવાબ મુજબ ડિમોલીશનની કામગીરીનો ખર્ચ રૂપિયા ૨,૭૨,૯૨,૭૩૭ થયો છે.આ પૈકી ભોજન, ચા-નાસ્તા, પેસેન્જર વાહનો ભાડે રોકવા, મંડપથી માંડી વિડીયોગ્રાફીના બીલમાં ઓવર પેમેન્ટ કરવામાં આવ્યાનું ખુલતા ૧૮ લાખ જેટલા બીલ પર કાતર ફેરવવામાં આવી છે તો રૂા. બે લાખ જેવી રીકવરી કરવા કમિશનરે અધિકારીઓને આદેશ આપ્યો છે.

આ રીતે આ પેમેન્ટમાં ૧૮ લાખની ગોલમાલ થયાનું તારણ તપાસ સમિતિએ આપ્યું છે. તો બીજી તરફ આવા સૌથી મોટા ડિમોલીશન તો ઠીક, નાના મોટા કાર્યક્રમોમાં પણ થતા ખાન-પાનના ખર્ચ પરંપરા મુજબ જ થતા હોય, મૌખિક સુચનાનો અમલ કરનાર નિર્દોષ અધિકારીને બલીનો બકરો બનાવવામાં આવ્યાની ચર્ચા પણ કર્મચારીઓમાં ઉઠી ગઈ છે. તો આ કામગીરીમાં અનેક ઉચ્ચ અધિકારીઓની પણ સીધી ભૂમિકા હોય તેઓને બચાવી લેવામાં આવ્યાનો ગણગણાટ વર્ગ-૨ અને વર્ગ-૩ના સ્ટાફમાં થવા લાગ્યો છે.

જંગલેશ્વરમાં કરાયેલા ડિમોલિશન દરમિયાન થયેલા ખર્ચને લઈને સર્જાયેલા વિવાદમાં અંતે ગઈકાલે તપાસ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. નવી બોડીએ ચાર્જ સંભાળ્યા બાદ ૨૭ લાખનું ફૂડ બીલ નામંજૂર કરી દીધુ હતું. તે બાદ મેયર ડો. નેહલ શુક્લ દ્વારા તપાસ કરવાના આદેશ અપાતા 'સીટ'ની રચના થઈ હતી. જેના વડા પણ બે-બે વખત બદલાયા હતા. કમિશનરે તટસ્થ તપાસ માટે કોર્પો.ના નહીં પરંતુ સરકારના આઈએએસ અધિકારીને કમીટીના વડા બનાવ્યા હતા અને ગઈકાલે પગલા જાહેર કર્યા હતા.

આ ડિમોલિશન વખતે અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસ જવાનોના ખાણી-પીણી પાછળ રૂ.૨૭.૨૦ લાખનું ફૂડ બિલ રજૂ થતાં ભારે વિવાદ સર્જાયો હતો. જેમાં રૂ.૨૦.૬૮ લાખનું ભોજન બિલ, રૂ.૬.૩૦ લાખની ચા-કોફી અને બિસ્કિટનો ખર્ચ ઉપરાંત ૨૧ હજાર કપ ચા, ચાર હજાર બોટલ લીંબુ શરબત સહિતની વિગતો સામે આવી હતી. મિનરલ વોટર પાછળ પણ રૂ.૧૨ લાખથી વધુનું બિલ ચર્ચામાં આવ્યું હતું. તપાસ રિપોર્ટમાં ચા-નાસ્તો, ભોજન, પાણી, પેસેન્જર વાહનો, ઈલેક્ટ્રિક કામગીરી, એલ.ઈ.ડી. ટીવી, મંડપ, વીડિયોગ્રાફી અને ડ્રોન સહિતની કામગીરીના ખર્ચમાં વિવિધ ક્ષતિઓ દર્શાવવામાં આવી છે.ડિમોલીશનથી માંડી ફૂડની સેવામાં (ધંધામાં) કામ કરનાર આરાધના ટી, દોશી ઈલેક્ટ્રિક, ગ્લોબલ કોમ્યુનિકેશન, ઉમિયાજી મંડપ, બાલાજી વીડિયો અને એન.પી. વીડિયો સહિતની એજન્સીઓના બિલમાં કપાત તથા રિકવરી કરવાનો નિર્ણય લેવાયો છે. રૂ.૧૮ લાખથી વધુના બિલમાં કપાત અને રૂ.૨ લાખથી વધુની રિકવરી કરવામાં આવનાર છે.આ કામગીરીમાં લાખો રૂપિયાના ખર્ચની મંજૂરી આપનાર અને સમગ્ર કામગીરીનું સુપરવિઝન કરનાર ઉચ્ચ અધિકારીઓની ભૂમિકાની તપાસ થશે કે માત્ર પોણા ત્રણ કરોડના ખર્ચમાં ૧૮ લાખ કાપીને સેકન્ડ કેડરના અધિકારીને સસ્પેન્ડ કરીને તપાસ પૂરી કરી લેવાશે તે પણ સવાલ છે. કારણ કે કાજુ કતરી કાંડ સચિવાલય સુધી ગાજયું હતું તે ઉલ્લેખનીય છે.

CSR ફંડના સહયોગથી ૧૪૦ કિશોરીઓને રી-યુઝેબલ પેડ કીટનું વિતરણ



રાજકોટઃ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કિશોરીઓમાં માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે તેમજ તેમને માસિક ધર્મ અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી વિવિધ જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા ઘટક-૩ના છોટુનગર-૧, છોટુનગર-૨, છોટુનગર-૩ તથા અમરજીત વિસ્તારની આંગણવાડીની કિશોરીઓ માટે તા.૨૪-૧૧-૨૦૨૬ના રોજ મહિન્દ્રા કંપનીના CSR ફંડ અંતર્ગત રી-યુઝેબલ પેડ કીટ વિતરણ અને મેન્સ્ટ્રુઅલ હાઈજીન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળ વિકાસ યોજના અધિકારી (CDPO) શ્રીમતી પૂજાબેન જોશીના પ્રયાસોથી આયોજિત આ કાર્યક્રમમાં કુલ ૧૪૦ કિશોરીઓને રી-યુઝેબલ (ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા) પેડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિન્દ્રા કંપનીના ૐ.ઈ. શ્રી રોહિતભાઈ અને શ્રીમતી પાયલબેન દ્વારા કિશોરીઓને પેડ કીટ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે કિશોરીઓને માસિક ધર્મ, વ્યક્તિગત સ્વચ્છતા, આરોગ્યની જાળવણી તેમજ માસિક ધર્મ દરમિયાન રાખવાની જરૂરી કાળજી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વોર્ડ નં.૨નાં કોર્પોરેટર શ્રીમતી દક્ષાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં. ઝઠ્ઠે શ્રીમતી પૂજાબેન જોશીએ મહિન્દ્રા કંપની દ્વારા ઝજીઈ ફંડ અંતર્ગત એક કિશોરી દીઠ અંદાજે રૂ. ૪૦૦ની કિંમતની પેડ કીટ ઉપલબ્ધ કરાવી કિશોરીઓના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના હેતુને સાકાર કરવામાં સહયોગ આપવા બદલ કંપનીના પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવા મુખ્ય સેવિકા શ્રીમતી ઝરણાબેન વ્યાસ તથા સંબંધિત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

રાષ્ટ્રીય નાયકોના યોગદાન અંગેના મતભેદો

સોનિયા ગાંધીના પ્રસિદ્ધ પુસ્તકમાં વીર સાવરકરનું જાણી જોઈને અપમાન કરવામાં આવતા જબરજસ્ત વિરોધ શરૂ થઈ ચૂક્યો છે.ભારતીય રાજકારણમાં ઇતિહાસ, વિચારધારા અને રાષ્ટ્રીય નાયકોના યોગદાન અંગેના મતભેદો કોઈ નવી વાત નથી. સમયની સાથે રાજકીય સમીકરણો બદલાય છે, પરંતુ ઐતિહાસિક વ્યક્તિત્વો પ્રત્યેના દૃષ્ટિકોણ અને તેમની વિરાસત અંગેનો વૈચારિક સંઘર્ષ હંમેશા સપાટી પર આવતો રહે છે. તાજેતરમાં મુંબઈમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીના પુસ્તક 'બિલોન્ગિંગ: અ જર્ની ઓફ લવ' (Belonging: A Journey of Love) ને લઈને ઊભો થયેલો વિવાદ આ જ વૈચારિક સંઘર્ષનું તાજું ઉદાહરણ છે. એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેના જૂથના નેતાઓએ આ પુસ્તકમાં વીર સાવરકર અંગે કરાયેલા ઉલ્લેખો સામે સખત વાંધો ઉઠાવ્યો છે. અહેવાલો અનુસાર, શિવસેનાના પ્રવક્તા શાયના એનસી, સંજય નિરૂપમ અને અન્ય કાર્યકરોએ જાહેરમાં વિરોધ પ્રદર્શન કરીને પુસ્તકના પાના ફાડ્યા હતા અને પ્રકાશન સંસ્થા હાર્પર કોલિન્સ પાસેથી પેજ નંબર ૨૦૧ અને ૪૪૩ પરના ચોક્કસ ભાગો દૂર કરવાની માંગ કરી છે.કોઈ પણ રાજકીય કે ઐતિહાસિક વિવાદને તટસ્થતાથી સમજવા માટે બંને પક્ષોની ભૂમિકા અને દલીલો પર ઊંડાણપૂર્વક નજર નાખવી જરૂરી બને છે. પ્રકાશન સંસ્થા હાર્પર કોલિન્સના જણાવ્યા મુજબ, આ પુસ્તક સોનિયા ગાંધીના અંગત અને રાજકીય જીવનના અનુભવોનું સંસ્મરણાત્મક વર્ણન છે. તેમાં તેમના ઇટાલીમાં વિતાવેલા બાળપણ અને યુવાનીના દિવસો, ભારત આગમન, રાજીવ ગાંધી સાથેના લગ્ન, ભારતીય સંસ્કૃતિ સાથેનું જોડાણ અને ગાંધી પરિવારના ઉતાર-ચઢાવ તથા સંઘર્ષોનો સમાવેશ થાય છે. પ્રકાશકના મતે, નવેમ્બર મહિનામાં પ્રકાશિત થયા બાદ આ પુસ્તકને વાચકો તરફથી વ્યાપક આવકાર મળ્યો છે અને તેની લાખો નકલો વેચાઈ છે.બીજી તરફ, શિવસેના (શિંદે જૂથ) ના નેતાઓનું માનવું છે કે આ પુસ્તકમાં ઐતિહાસિક તથ્યોને યોગ્ય રીતે રજૂ કરવામાં આવ્યા નથી અને તેના દ્વારા ઇતિહાસને ફરીથી લખવાનો કે 'વ્હાઇટવોશ' કરવાનો પ્રયાસ થયો છે. શાયના એનસી અને અન્ય નેતાઓએ આરોપ લગાવ્યો છે કે પુસ્તકમાં વીર સાવરકરનું અપમાન કરવામાં આવ્યું છે અને તેમને હિન્દુત્વની વિચારધારાથી અલગ દર્શાવવાનો પ્રયત્ન થયો છે. શિવસેનાના નેતાઓએ સ્વર્ગીય બાળાસાહેબ ઠાકરેના વિચારોનો સંદર્ભ આપતા જણાવ્યું કે ઠાકરે હંમેશા સાવરકરને હિન્દુત્વનો આત્મા માનતા હતા અને તેમની પૂજા કરતા હતા. વધુમાં, તેમણે આંદામાનની સેલ્યુલર જેલ (કાળા પાણી) માં સાવરકરે વિતાવેલા ૧૧ વર્ષના કઠોર સંઘર્ષ અને દેશની આઝાદી માટેના તેમના બલિદાનને યાદ કરીને સોનિયા ગાંધીની નાગરિકતા અને ભારતીય ઇતિહાસની તેમની સમજ સામે પણ રાજકીય સવાલો ઉઠાવ્યા છે.મહારાષ્ટ્રના રાજકારણમાં સાવરકરનું સ્થાન અને વૈચારિક ખાઈ આ વિવાદને માત્ર એક પુસ્તક પૂરતો મર્યાદિત રાખીને

સરદારબાગના સૌંદર્યમાં સ્ફુરિત થતું બાળપણ



ફ્રાઇડે ફોટો સ્ટોરી

-જયદીપ એન. ઠાકર

ભાવનગર શહેરના મધ્ય ભાગમાં સ્થિત પીલ ગાર્ડન અને હવે સરદારબાગ તરીકે જાણીતું આ સ્થળ તેના નૂતન સૌંદર્યથી ભાવેણાવાસીઓના હૃદયમાં અનોખું સ્થાન ધરાવે છે. ત્યાં કાર્યરત ફુવારા આબાલવૃદ્ધમાં અનેરું આકર્ષણ જન્માવે છે. વાદળી આકાશની વિશાળ છત્રછાયા નીચે પાંગરતું અહીંનું સૌંદર્ય, હરિયાળીથી સભર વનરાજી અને શાંતિપૂર્ણ પ્રાકૃતિક વાતાવરણ આ સ્થળને વિશેષ બનાવે છે. વર્તુળાકાર જળકુંડની મધ્યમાંથી આકાશને આંબવા ઊછળતી પાણીની ધળધારા અને તેની સાથે સંસ્ફુરિત થતું બાળપણ જાણે ધરતીના હૃદયમાંથી પ્રગટતી આનંદની અભિવ્યક્તિ બની રહે છે.

ધાર્મિક પાત્રોની વિશેષ વાતો

આપણે ત્યાં આવતાં ધાર્મિક પાત્રોનાં જન્મ કે પ્રાદુર્ભાવ વિશે અલગ તથા વિશેષ માહિતી મળી આવે છે જે આ પ્રમાણે છે :

(૧) શિવજી : શિવજી અજન્મા છે તેમના પ્રાદુર્ભાવ વિષે કોઈ માહિતી નથી.

(૨) પાર્વતી : પાર્વતી હિમાલય પર્વતનાં પુત્રી છે તેથી પાર્વતી કહેવાયાં છે.

(૩) પ્રભુ શ્રીરામ ચાર ભાઈઓ : રાજા દશરથે પુત્ર કામેષ્ટિ યજ્ઞા કરેલ અને અગ્નિદેવે આપેલ પાત્રમાં રહેલ યજ્ઞા પ્રસાદી (માટી)માંથી ચારે ભાઈઓની માતા પુત્રવતી બની હતી. માટી ખાવાથી ચારેય માતાઓની કુખે ચાર ભાઈઓ અવતર્યા હતા.

(૪) રાધાજી : બરસાનામાં યજ્ઞા માટે ખેતર (જમીન) સાફ કરતી વખતે રાધાજી પ્રગટ થયાં હતાં.

(૫) કુંભજ ઋષિ : કુંભમાંથી તેનો જન્મ થયો હતો. તેમનું બીજું નામ અગત્સ્ય હતું. રામાયણ કાળમાં રામજી અગત્સ્યના આશ્રમે પધાર્યા હતા.

(૬) કર્ણ : કુંતીને કુમારી અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયો હતો તેથી તેને એક પેટીમાં સુવાડી પાણીમાં વહેવડાવી દેવામાં આવેલ.

(૭) અશ્વત્થામા : ગુરૂ દ્રોણ અને કૃપીનો પુત્ર. જન્મ વખતે ઘોડા જેવો અવાજ કાઢેલો તેથી અશ્વત્થામા નામ પાડવામાં આવ્યું.

(૮) અષ્ટાવક્ર : કહોડ ઋષિ અને સુજાતાનો પુત્ર પિતાના ગુસ્સાને લઈને શાપનો ભોગ બની આઠેય અંગે વાંકો જન્મ્યો હતો.

(૯) અહલ્યા : ગૌતમ ઋષિના શાપથી શીલા (પથ્થર) સ્વરૂપે બની ગયેલી. પ્રભુ શ્રી રામના ચરણ સ્પર્શથી પુનઃ મુળ સ્વરૂપે અવતરિત થઈ.

(૧૦) ઋશ્યશ્રૃંગ : કપાળ પર (શ્રૃંગ) હરણના શીંગડાં જેવું શીંગડું હોવાથી ઋશ્યશ્રૃંગ નામ રખાયું.

(૧૧) મધુ-કૈટભ : મધુ અને કૈટભ નામના દૈત્યો વિષ્ણુના કાનમાંથી પેદા થયેલા.

(૧૧) બ્રહ્માજી : બ્રહ્માજી ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી પેદા થયેલા અને તેમને ચાર મુખ હતા.

(૧૨) ઘટોત્કચ : ભીમ તથા હિડીબાનો પુત્ર જન્મ સમયે ઘડા જેવું માથું મળ્યું હતું.

(૧૩) જરાસંધ : જન્મ્યો ત્યારે તેના શરીરના બે ટુકડા હતા. જરા નામની રાક્ષસીએ તેને ભેગા કરી સાંધ્યા હતા તેથી જરાસંધ નામ રખાયું.

(૧૪) ધનવંતરી : સમુદ્રમંથનમાંથી નીકળેલાં ૧૪ રત્નોમાંથી એક. આયુર્વેદના જનક હતા. હાથમાં અમૃત કુંભ લઈને જન્મ્યા હતા.

ગાયત્રીનું મહત્વ

આધુનિક યુગમાં પણ એવા અનેક મહાત્માઓ થઈ ગયા છે. જેમણે ગાયત્રી ઉપાસનાનો આશ્રય લઈને પોતાના આત્મબળ તથા બ્રહ્મતેજમાં અપાર વૃધ્ધિ કરી હતી. તેમના ઈષ્ટ દેવ ભલે જુદા હોય એમ છતાં વેદમાતા ગાયત્રી પ્રત્યે તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે

પહેલવાનને અખાડા તથા વ્યાયામશાળાની જરૂર પડે છે. શિક્ષકોને પાઠશાળાની અને વૈજ્ઞાનિકોને પ્રયોગશાળાની જરૂર પડે છે તે જ રીતે સાધક, તથા ઉપાસકને આત્મામાં પરમાત્માની અનુભૂતિ કરી પરમાનંદ તથા બ્રહ્માનંદ મેળવવા માટે એક આધ્યાત્મીક સાધના કેન્દ્રની જરૂર પડે છે.

આધ્યાત્મીક ઉપાસના અનેક પ્રકારે કરી શકાય છે. પરંતુ એ બધામાં ગાયત્રી ઉપાસનાનું સ્થાન સર્વોપરિ અને સૌથી વધારે મહત્વનું છે. ગાયત્રી ઉપાસના એકાગ્ર ચિત્તથી, નિયમિત રીતે અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તો આધ્યાત્મીક સિધ્ધિઓ અને બ્રહ્માનંદ તેમજ ભૌતિક સુખસમૃદ્ધિ અવશ્ય મળે છે.

શાસ્ત્રો કહે છે ગાયત્રી વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા તથા કામધેનું છે. ગાયત્રી સાર્વભૌમ મંત્ર છે. તેની સાધના કદાપિ નિષ્ફળ જતી નથી. સાધના, ઉપાસના, આરાધના કરવી અનિવાર્ય છે. કારણકે જે રીતે રમતના મેદાનમાં પરિશ્રમ કર્યા વગર કોઈ ખેલાડી બની શક્તો નથી અને અખાડામાં ઉતર્યા વગર કોઈ પહેલવાન બની શક્તો નથી એ જ રીતે નિયમિત ઉપાસના તથા સાધના કર્યા વગર કોઈ પણ માણસ સાધક બની શકતો નથી.

ઉપાસનાના સાચા સ્વરૂપને સ્પષ્ટ કરતાં શ્રીરામ-શર્મા આચાર્ય તેમના પુસ્તક 'મારું વીલ અને વારસો' મા લખે છે કે ઉપાસનાના નામે મોટાભાગે એવી ભૂલ થાય છે અને લોકો એવું ખોટું સમજે છે કે ભગવાનને બિચારાને પ્રસાદ નૈવિદ્ય, નાળિયેર, ઈલાયચી વગેરે વસ્તુઓ કદાપિ મળતી નથી અને જો હું તેમને આ બધું ચઢાવીશ તો તેઓ ખૂશ થઈને ખૂબ કૃપા કરજો. જો હું તેમની સ્તુતિ તથા પાઠ કરીશ તો જાગીરદારની જેમ તેઓ પોતાની પ્રશંસા સાંભળીને ખુશ થઈ જશે અને મને માલામાલ કરી દેશે. આવી બધી બાળરમતથી ભગવાનને ફોસલાવી શકાય છે તથા ખુશ કરી શકાય છે અને આપણી મનોકામનાઓ પૂરી કરી શકાય છે પછી ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય, ન્યાય સંગત હોય કે અન્યાયપૂર્ણ હોય, છતાં પણ ભગવાન તેમને પૂરી કરી દેશે.

વાસ્તવમાં ઉપાસનાનો સાચો અર્થ છે- પોતાના ઈષ્ટદેવ પાસે બેસીને તેમના દિવ્યગુણોને પોતાના જીવનમાં ધારણ કરવા. ભગવાન આપણી મરજી પ્રમાણે નહિ નાચે. આપણે જ ભગવાનના ભક્ત બનીને તેમના ઈશારા તથા આદેશ પ્રમાણે ચાલવું પડશે.

જો આપણે એ પ્રમાણે કરીશું તો જ આપણે દિવ્યલાભ પ્રાપ્ત કરી શકીશું.

આગ ઈંધણ બની શક્તી નથી, પરંતુ ઈંધણ પોતે જ અગ્નિને સમર્પિત થઈ જઈને આગ બનવું પડે છે. ભક્તે ભગવાનના ઈશારે કઠપૂતળીની જેમ નાચવું પડે છે. ભક્તે સમર્પણ કરવું પડે છે. વરસાદના કે પાણીના ટીપાએ સમુદ્રમાં ભળવું પડે છે. પછી તે પોતે પણ વિશાળ સમુદ્ર બની જાય છે. આ ઉપાસનાનું સાચું તત્ત્વદર્શન છે. જે ભગવાનની પાસે બેસવા ઈચ્છતા હોય તેણે ભગવાનના અનુશાસનનો સ્વીકાર કરીને ભગવાનના અનુયાયી તથા સહયોગી બનવું પડે છે.

ગાયત્રી મહામંત્રની આટલી બધી મહત્તા હોવાના કારણે જ પરાપૂર્વથી આપણા ઋષિઓ, મહર્ષિઓ તથા મહાપુરુષો ગાયત્રીની ઉપાસના તથા તપશ્ચર્યા કરતા રહે છે, વશિષ્ઠ, અત્રિ, યાજ્ઞાવલ્કય, વિશ્વામિત્ર, વેદવ્યાસ, શુકદેવ, દધીચિ, વાલ્મીકિ, કણ્વ, ચ્યવન, લોમશ, દુર્વાસા, પરશુરામ, દત્તાત્રેય, અગસ્ત્ય, સનતકુમાર, શૈનક વગેરે ઋષિઓના જીવન તરફ જો દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ રૂપે સમજાઈ જશે કે તેમની મહાનતા અને સફળતાનું મૂળ કારણ તેમની ગાયત્રી સાધના જ હતી.

આધુનિક યુગમાં પણ એવા અનેક મહાત્માઓ થઈ ગયા છે. જેમણે ગાયત્રી ઉપાસનાનો આશ્રય લઈને પોતાના આત્મબળ તથા બ્રહ્મતેજમાં અપાર વૃધ્ધિ કરી હતી. તેમના ઈષ્ટ દેવ ભલે જુદા હોય એમ છતાં વેદમાતા ગાયત્રી પ્રત્યે તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે.

ગાયત્રી માતાનું સ્તનપાન કરીને જ અસાધારણ પ્રતિભા, પ્રચંડ આત્મબળ તથા બ્રહ્મબળ પ્રાપ્ત કરીને મહાપુરુષ બની શકયા.

સાઇબર ફ્રોડ સામે જાગૃતિ એ જ સૌથી મોટી સુરક્ષા

આજના સમયમાં ડિજિટલ સુવિધાએ આપણું જીવન ઘણું સરળ બનાવી દીધું છે. ઘરે બેઠા બિલ ભરવું, પૈસા મોકલવા, સામાન મંગાવવો અને રોકાણ કરવું હવે થોડી મિનિટનું કામ બની ગયું છે. પરંતુ આ સરળતાની સાથે જ એક મોટું જોખમ પણ જન્મ્યું છે. એ જોખમનું નામ છે "ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ". લોકોની ઝડપથી વધુ કમાવાની ઇચ્છા એ આ ગુનેગારો માટે સૌથી મોટું હથિયાર બની ગઈ છે. તેઓ જાણે છે કે માણસને જ્યારે ઓછી મહેનતે વધુ નફાની વાત સંભળાય છે ત્યારે તેનું મન ડગમગી જાય છે. આ નબળાઈને પકડીને તેઓ આખું તંત્ર ગોઠવે છે. આ કોઈ એક વ્યક્તિની ભૂલ નથી, આ આખી ટોળકીનું આયોજન હોય છે. જુદા જુદા લોકો જુદી જુદી ભૂમિકા ભજવે છે. કોઈ મેસેજ મોકલે છે, કોઈ ગ્રુપમાં વાત કરે છે, કોઈ એપ બનાવે છે અને કોઈ ફોન કરીને વિશ્વાસ જીતે છે. સામાન્ય માણસને એવું લાગે કે તે કોઈ મોટી કંપની સાથે વાત કરી રહ્યો છે, પણ ખરેખર તે છેતરપિંડીની જાળમાં ફસાઈ રહ્યો હોય છે. તમે રોકાણ કરો છો તે પણ ઓનલાઈન પડાવી લેનાર ચાલાક લોકોની ટોળકી સક્રિય હોય છે.

રોકાણ એટલે શું તે પહેલા સમજવું જરૂરી છે. રોકાણ એટલે આજે પોતાની મહેનતની કમાણીમાંથી થોડો ભાગ બાજુએ મૂકીને ભવિષ્યમાં તેને વધારવો. સાચું રોકાણ હંમેશા ધીરજ માંગે છે. તેમાં જોખમ પણ હોય છે અને સમય પણ લાગે છે. કોઈ પણ સાચી યોજના રાતોરાત પૈસા બમણા કરી આપતી નથી. રોકાણના મુખ્ય પ્રકારો ઘણા છે. પહેલો પ્રકાર છે બેંક અને પોસ્ટની બચત યોજનાઓ. તેમાં ફિક્સ ડિપોઝિટ, રિકરિંગ ડિપોઝિટ અને પોસ્ટની યોજનાઓ આવે છે. તેમાં નફો ઓછો મળે છે પણ પૈસા સલામત રહે છે. બીજો પ્રકાર છે સરકારી યોજનાઓ જેવી કે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ અને સુકન્યા યોજના. તેમાં સરકારની ખાતરી હોય છે. ત્રીજો પ્રકાર છે શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડ. તેમાં પૈસા કંપનીઓના શેરમાં રોકાય છે. તેમાં નફો વધુ મળવાની શક્યતા હોય છે, પણ સાથે જોખમ પણ વધુ હોય છે. શેરના ભાવ ઉપર નીચે થતા રહે છે. ચોથો પ્રકાર છે સોનું અને ચાંદી. આપણા સમાજમાં વર્ષોથી સોનામાં રોકાણ કરવાની પરંપરા છે. સોનું લાંબા સમયે મૂલ્ય જાળવી રાખે છે. પાંચમો પ્રકાર છે જમીન અને મકાનમાં રોકાણ. તેમાં મોટી રકમ જોઈએ છે અને પૈસા લાંબા સમય સુધી રોકાઈ જાય છે.

ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડથી બચવું જરૂરી છે. પણ લોભ અને લાલચમાં આવીને માનવી પોતાના જીવનભરની મૂડી એક ક્ષણમાં ગુમાવી દે છે આ માટે શું સાવચેતી રાખવી જોઈએ તે જાણવું આજના ડિજિટલ યુગમાં અત્યંત જરૂરી છે. સાયબર ફ્રોડ એવી છેતરપિંડી છે જેમાં મોબાઇલ, કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા કે બનાવટી એપનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિને વિશ્વાસમાં લઈને તેના પૈસા, બેંકની વિગતો કે અંગત માહિતી ચોરી લેવામાં આવે છે. આમાં સામેની વ્યક્તિ દેખાતી નથી, પણ તેની માયાજાળ એટલી મોહક હોય છે કે સમજદાર માણસ પણ તેમાં આબાદ ફસાઈ જાય છે.

છઠ્ઠો પ્રકાર છે વીમા સાથે જોડાયેલી યોજનાઓ. તેમાં રક્ષણ અને બચત બંનેનો હેતુ હોય છે. સાતમો પ્રકાર આજકાલ ખૂબ ચર્ચામાં છે તે ડિજિટલ ચલણ અને ક્રિપ્ટો જેવા નવા સાધનો. તેમાં ભાવ ખૂબ ઝડપથી બદલાય છે, તેથી તેમાં સમજ વગર પૈસા મૂકવા એ ખૂબ જોખમી છે.હવે પ્રશ્ન એ છે કે આ દરેક પ્રકારમાં ફ્રોડ કઈ રીતે થાય છે. ફ્રોડની શરૂઆત લગભગ એકસરખી રીતે થાય છે. સોશિયલ મીડિયા, વોટ્સએપ, ટેલિગ્રામ કે ફેસબુક પર એક મેસેજ આવે છે. તેમાં લખ્યું હોય છે કે અમારી સાથે જોડાઓ, દરરોજ આટલો નફો મળશે, થોડા દિવસમાં પૈસા બમણા થશે. ક્યારેક કોઈ સુંદર ફોટાવાળી અજાણી વ્યક્તિ મિત્રતા કરે છે અને ધીમે ધીમે રોકાણની વાત કરે છે. આને લોકો પ્રેમ અને વિશ્વાસની છેતરપિંડી પણ કહે છે. માણસને એવું લાગે કે સામેની વ્યક્તિ પોતાનું ભલું ઈચ્છે છે, પણ ખરેખર તે તેને ફસાવી રહી હોય છે. એકવાર માણસે જવાબ આપ્યો એટલે તેને એક ગ્રુપમાં ઉમેરવામાં આવે છે. આ ગ્રુપમાં ઘણા લોકો હોય છે, પણ તેમાંના મોટાભાગના લોકો એ જ ટોળકીના હોય છે. તેઓ રોજ ખોટા સ્ક્રીનશોટ મૂકે છે. કોઈ કહે છે કે મેં દસ હજાર મૂક્યા હતા, આજે વીસ હજાર થઈ ગયા. કોઈ કહે છે કે મેં નવી ગાડી લીધી. આ બધું વાંચીને નવા માણસને પણ લાલચ થાય છે. તેને લાગે છે કે બધા કમાઈ રહ્યા છે તો હું કેમ પાછળ રહું.? વિશ્વાસ બેસી જાય પછી બીજો તબક્કો શરૂ થાય છે. તેને એક એપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવે છે. આ એપ દેખાવમાં બિલકુલ સાચી ટ્રેડિંગ એપ જેવી

આસપાસ યોપાસ — સુરેશ ભટ્ટ

લાગે છે. તેમાં ગ્રાફ હોય છે, આંકડા હોય છે, બેલેન્સ દેખાય છે. માણસ પહેલા નાની રકમ મૂકે છે. થોડા દિવસમાં તેને સ્ક્રીન પર નફો દેખાય છે. ક્યારેક તેને થોડો નફો ઉપાડવા પણ દેવામાં આવે છે, જેથી તેને પૂરો વિશ્વાસ બેસી જાય. આ નાનો નફો એ જ મોટી જાળનો ભાગ હોય છે. હવે માણસ લોભમાં આવીને મોટી રકમ મૂકે છે. પોતાની બચત, પત્નીના ઘરેણાં માટે રાખેલા પૈસા, બાળકોના ભણતર માટે રાખેલા પૈસા, ક્યારેક તો લોન લઈને પણ પૈસા મૂકી દે છે. શેરબજારના નામે આ ફ્રોડમાં તેને કહેવામાં આવે છે કે કોઈ ખાસ કંપનીનો શેર લેવાથી મોટો ફાયદો થશે, કોઈ ગુપ્ત માહિતી મળી છે. મ્યુચ્યુઅલ ફંડના નામે બનાવટી પોર્ટલ બનાવવામાં આવે છે. સોનાના નામે ઓનલાઈન સોનું ખરીદવાનું કહીને પૈસા લઈ લેવામાં આવે છે, પણ સોનું ક્યારેય મળતું નથી. ક્રિપ્ટોના નામે નવી કોઈ કોઈનમાં રોકાણ કરાવવામાં આવે છે, જેનું કોઈ અસ્તિત્વ જ હોતું નથી. જમીનના નામે બનાવટી દસ્તાવેજો બતાવીને પૈસા પડાવવામાં આવે છે.

જ્યારે માણસ પોતાના પૈસા પાછા લેવા માંગે છે ત્યારે જ અસલી ચહેરો સામે આવે છે. તેને કહેવામાં આવે છે કે તમારું ખાતું બંધ થઈ ગયું છે, ટેક્સ ભરવો પડશે, પ્રોસેસિંગ ફી ભરવી પડશે, વધુ પૈસા મૂકશો તો જ પૈસા છૂટશે. ગભરાયેલો માણસ ફરી પૈસા ભરે છે, પણ પૈસા પાછા આવતા નથી. અંતે તેનો નંબર બ્લોક કરી દેવામાં આવે છે, ગ્રુપમાંથી કાઢી મૂકવામાં આવે છે અને એપ પણ બંધ થઈ જાય છે. ત્યારે માણસને ખબર પડે છે કે તે લૂંટાઈ ગયો છે. આ આઘાત માત્ર પૈસાનો નથી હોતો, તે આખા પરિવારના સપનાનો આઘાત હોય છે. ઘણા લોકો શરમના કારણે કોઈને કહેતા પણ નથી. તેઓ મનમાં ને મનમાં મૂંઝાયા કરે છે, જે તેમના સ્વાસ્થ્ય અને સંબંધોને પણ નુકસાન પહોંચાડે છે.



આ પરિસ્થિતિમાંથી બચવા માટે સૌથી પહેલા આપણે એક વાત મનમાં બેસાડવી પડશે કે ઝડપથી પૈસા બમણા કરવાની કોઈ જાદુઈ યોજના હોતી નથી. જે યોજના વધુ નફાનું વચન આપે છે તે જ વધુ જોખમી હોય છે. કોઈ પણ રોકાણ કરતા પહેલા તે કંપની કે વ્યક્તિ સરકારમાં નોંધાયેલી છે કે નહીં તે તપાસવું જોઈએ. સેબી, રિઝર્વ બેંક કે સરકારી વેબસાઇટ પર તેનું નામ છે કે નહીં તે જોવું જોઈએ. અજાણ્યા ગ્રુપની સલાહ પર ક્યારેય રોકાણ કરવું નહીં. અજાણી લિંક પર ક્લિક કરીને બેંકની વિગતો, ઓટીપી કે પાસવર્ડ ક્યારેય આપવા નહીં. બેંક કે કોઈ સરકારી સંસ્થા ક્યારેય ફોન કે મેસેજમાં ઓટીપી માંગતી નથી. કોઈ પણ એપ ડાઉનલોડ કરતા પહેલા તે કોની છે, તેના વિશે લોકોએ શું કહ્યું છે તે તપાસવું જોઈએ. રોકાણ હંમેશા પોતાની સમજ અને પોતાની આવક પ્રમાણે કરવું જોઈએ. બધા પૈસા એક જ જગ્યાએ ક્યારેય મૂકવા નહીં. લોન લઈને કે ઉછીના પૈસા લઈને રોકાણ કરવું એ સૌથી મોટી ભૂલ છે.જો છતાં પણ કોઈની સાથે છેતરપિંડી થઈ જાય તો ગભરાવાને બદલે તાત્કાલિક પગલું ભરવું જોઈએ. સૌથી પહેલા પ્રથમ એક કલાક એટલે કે ગોલ્ડન અવરમાં સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરવો જોઈએ. આ સમયમાં જો ફરિયાદ થાય તો પૈસા બીજા ખાતામાં જતા અટકાવી શકાય છે અને પાછા મળવાની શક્યતા વધી જાય છે. સાથે સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં કે સાયબર ક્રાઇમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી જોઈએ. બેંકને તાત્કાલિક જાણ કરીને ખાતું સુરક્ષિત કરાવવું જોઈએ. જે મેસેજ, સ્ક્રીનશોટ, નંબર અને એપની વિગતો હોય તે સાચવી રાખવી જોઈએ, કારણ કે તે જ પુરાવા બને છે. શરમ કે ડરના કારણે ચૂપ રહેવાથી ગુનેગારોને વધુ હિંમત મળે છે. એક ફરિયાદ બીજા ઘણા લોકોને બચાવી શકે છે.

આપણે એ પણ સમજવું પડશે કે સાયબર સુરક્ષા માત્ર સરકાર કે પોલીસની જવાબદારી નથી. તે દરેક નાગરિકની જવાબદારી છે. ઘરમાં વડીલોને, બાળકોને અને ખાસ કરીને ઓછું ભણેલા લોકોને આ વિશે સમજાવવું જોઈએ. કારણ કે ગુનેગારો સૌથી પહેલા એવા લોકોને જ નિશાન બનાવે છે જેમને ડિજિટલ દુનિયાની ઓછી સમજ હોય છે. શાળા, સમાજ અને પરિવારમાં આ અંગે વાત થવી જોઈએ. આપણે એકબીજાને સાવચેત કરીશું તો જ આ જાળ તૂટશે. રોકાણ કરવું એ ખરાબ નથી, રોકાણ તો ભવિષ્ય માટે જરૂરી છે. પણ રોકાણ લાલચથી નહીં, સમજણથી કરવું જોઈએ. ધીરજ, તપાસ અને સાવચેતી એ જ સાચી કમાણીનો માર્ગ છે. એક ખોટું પગલું આખા પરિવારને મુશ્કેલીમાં મૂકી શકે છે, જ્યારે એક સાચી સાવચેતી આખા પરિવારનું ભવિષ્ય બચાવી શકે છે. માટે લાલચથી દૂર રહીએ, જાગૃત રહીએ અને સુરક્ષિત રહીએ એ જ આજના સમયનો સૌથી મોટો સંદેશ છે.

લોકોને એક સાથે લાવીને સિનેમાની ઉજવણી કરો: IFFI 2026 ખાતે ગુજરાતી ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે' એ દિલ જીતી લીધા

અંકિત ભૂપતભાઈ સખિયા દ્વારા દિગ્દર્શિત ૨૦૨૫ ની ગુજરાતી આધ્યાત્મિક નાટ્ય ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે' આજે ગોવામાં ૫૭મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (IFFI) ૨૦૨૬ ના ઇન્ડિયન પેનોરમા વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મ મુશ્કેલીભર્યા ભૂતકાળ અને ગરીબીનું જીવન જીવતા એક સંઘર્ષશીલ રિક્ષાચાલકની વાર્તાને અનુસરે છે, જે એક દૂરના ફાર્મહાઉસમાં ફસાઈ જાય છે, જ્યાં તે પોતાના અપરાધભાવનો સામનો કરે છે અને ભગવાન કૃષ્ણના દર્શન દ્વારા મુક્તિ મેળવવા પ્રયાસ કરે છે. આજે IFFI ખાતે પ્રેસને સંબોધતા, દિગ્દર્શક સખિયાએ ફિલ્મના નિર્માણ, તેના આધ્યાત્મિક વિષયો અને બોક્સ-ઓફિસ સફળતા સુધીની તેની અણધારી સફર વિશે વાત કરી



હતી.

મૂળભૂત રીતે, આ ફિલ્મ શ્રદ્ધા અને સ્થિતિસ્થાપકતાની ઉજવણી કરે છે. ભગવાન કૃષ્ણ મુખ્ય પાત્રના મૌન સાથી તરીકે કામ કરે છે, અને આત્મ-ચિંતન તથા ઉપચારની તેની સફરમાં માર્ગદર્શન આપે છે. દિગ્દર્શકે જણાવ્યું કે તેમનો ઉદ્દેશ્ય પ્રેમ, શ્રદ્ધા અને આંતરિક પરિવર્તનના સાર્વત્રિક વિષયો દ્વારા પ્રેક્ષકો સાથે ભાવનાત્મક જોડાણ ઊભું કરવાનો હતો.શીર્ષક સમજાવતા, સખિયાએ કહ્યું કે 'લાલો' એ ભગવાન કૃષ્ણ માટેનું એક વહાલભર્યું નામ છે, જેનો ઉપયોગ નાના છોકરાઓ માટે પણ થાય છે. ફીચર-ફિલ્મ દિગ્દર્શક તરીકે સખિયાની પ્રથમ ફિલ્મ હોવા ઉપરાંત, આ ફિલ્મ સાધારણ બજેટમાં બનાવવામાં આવી હતી, જેમાં એવા મિત્રોના નાણાકીય સહયોગનો સમાવેશ થાય છે જેઓ કલાકારો તરીકે પણ સામેલ હતા.

સખિયાએ યાદ કર્યું કે ફિલ્મે ધીમે ધીમે મૌખિક પ્રચાર (વર્ડ ઓફ માઉથ) દ્વારા લોકપ્રિયતા મેળવી અને બોક્સ-ઓફિસ પર આશરે રૂ. ૧૩૦ કરોડનું કલેક્શન નોંધાવ્યું છે. તેમણે પ્રેક્ષકોની પ્રતિક્રિયાઓ કેદ કરતા વીડિયો દ્વારા તેની પહોંચ વધારવાનો શ્રેય સોશિયલ મીડિયાને આપ્યો હતો. તેમણે પોતાના જ ગામમાં ફિલ્મ પ્રદર્શિત કરવાના અને તેના લોકોનો સ્નેહ તથા આશીર્વાદ મેળવવાના વિશેષ અનુભવને પણ યાદ કર્યો હતો.તેના સર્જનાત્મક અભિગમ વિશે વાત કરતા, સખિયાએ ફિલ્મના સંગીત પર ગરબાના પ્રભાવ અને લાગણીઓ વ્યક્ત કરવા માટે ક્લોઝ-અપ શોટ્સના ઉપયોગ પર પ્રકાશ પાડ્યો હતો. સંગીત નિર્દેશકે ઓસ્ટ્રેલિયાથી રિમોટલી યોગદાન આપ્યું હતું.

આ ફિલ્મ દ્રશ્ય ભવ્યતાને બદલે કુદરતી અભિનય, સંવાદો અને ભાવનાત્મક ઊંડાણ પર આધાર રાખે છે. ફિલ્મ સરળ છે અને મોટાભાગે સીધા સ્વરૂપમાં શૂટ કરવામાં આવી છે, તેમ છતાં સખિયા ઇચ્છતા હતા કે તે પ્રેક્ષકોને જકડી રાખે. વાર્તા પણ સ્વાભાવિક રીતે વિકસિત થઈ હતી.ગુજરાતી સિનેમાના ભવિષ્ય અંગે સખિયાએ જણાવ્યું કે રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસામાં એવી ઘણી વાર્તાઓ રહેલી છે જેને હજુ પડદા પર રજૂ કરવાની બાકી છે. તેમણે પ્રાદેશિક સિનેમાની વધતી જતી હાજરી અંગે આશાવાદ વ્યક્ત કર્યો અને વ્યાપારી સફળતાની સાથે-સાથે અર્થપૂર્ણ વાર્તા કહેવાની કળાને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ સત્રનું સંચાલન શ્રી કુલદીપ મીણા દ્વારા કરવામાં આવ્યું હતું.

વૈભવ સૂર્યવંશીની રમત જૂઓ,કોઈ ખેલાડી સાથે તેની તૂલના ન કરો : સૌરવ ગાંગુલી

નવીદિલ્હી,

૨૪ નવેમ્બરના રોજ, કતારના દોહામાં રમાઈ રહેલી એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ ટુર્નામેન્ટમાં, ભારત છ ટીમે છઈ સામેની તેમની અંતિમ ગ્રુપ સ્ટેજ મેચમાં માત્ર ૧૪.૨ ઓવરમાં ૨૫૦ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. આ મેચમાં ભારત છ ની એકતરફી જીતમાં વૈભવ સૂર્યવંશીની ૨૦૪ રનની ઐતિહાસિક ઇનિંગનો પણ સમાવેશ થાય છે, જેમાં તેણે માત્ર ૫૨ બોલમાં ૭ ચોગ્ગા અને ૨૮ છગ્ગા ફટકારીને રેકોર્ડ બુક તોડી નાખ્યા હતા. વૈભવ સૂર્યવંશીની આ ઇનિંગ લિસ્ટ છ ક્રિકેટ ઇતિહાસમાં સૌથી ઝડપી સદી અને સૌથી ઝડપી બેવડી સદી પણ બની હતી. વૈભવની ઇનિંગે સમગ્ર વિશ્વ ક્રિકેટમાં વ્યાપક ચર્ચા જગાવી છે, જેમાં ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ એક નિવેદન બહાર પાડ્યું છે જેમાં તેણે દરેકને





ચોક્કસ મુદ્દા પર ચેતવણી આપી છે. ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ સમાચાર એજન્સી છદ્મે ને આપેલા નિવેદનમાં વૈભવ સૂર્યવંશીની રેકોર્ડ ઇનિંગ વિશે કહ્યું હતું કે, "તે એક સારો ખેલાડી છે. તેની ઉંમરે, તેણે આઇપીએલમાં પણ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. તે ખૂબ જ આશાસ્પદ ખેલાડી છે. તેણે ભારતીય ટીમ માટે રમવાની દરેક તકમાં સારું પ્રદર્શન કર્યું છે. તે ભવિષ્ય છે." તેની તુલના ન કરો, ફક્ત તેને રમવા દો. તે ડાબોડી બેટ્સમેન છે અને ફક્ત ૧૫-૧૬ વર્ષનો છે, તેને તેની રમતનો આનંદ માણવા દો.

એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ ટુર્નામેન્ટમાં, વૈભવ સૂર્યવંશીનું બેટ નેપાળ અને પાકિસ્તાન એ સામેની મેચોમાં શાંત હતું, અને તે સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયો. જોકે, વૈભવે યુએઈ સામેની મેચમાં પોતાનું ફોર્મ પાછું મેળવ્યું, જે સેમિફાઇનલ મેચ પહેલા ટીમ ઇન્ડિયા માટે સારા સમાચાર છે.

કેન વિલિયમસન એસએ૨૦ માં ડર્બન સુપર જાયન્ટ્સ ટીમના નવા મુખ્ય કોચ બનશે

નવીદિલ્હી,

દક્ષિણ આફ્રિકામાં રમાતી ફ્રેન્ચાઇઝી આધારિત ટી ૨૦ લીગ એસએ ૨૦ ની આગામી સીઝન ૧૭ જાન્યુઆરીથી શરૂ થશે. ખેલાડીઓની હરાજી બાદ, તમામ છ ટીમો માટે ટીમો નક્કી કરવામાં આવી છે. બધી ફ્રેન્ચાઇઝીઓ તેમના કોચિંગ સ્ટાફ અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લઈ રહી છે. ડર્બન સુપર જાયન્ટ્સે સત્તાવાર રીતે ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ ખેલાડી અને કેપ્ટન કેન વિલિયમસનને તેમના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી છે. દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર લાન્સ ક્લુઝનર અગાઉ ૨૦૨૩



સીઝનથી છેલ્લી સીઝન સુધી ડર્બન સુપર જાયન્ટ્સ માટે મુખ્ય કોચનું પદ સંભાળી ચૂક્યા છે.

કેન વિલિયમસન, જેમણે જુલાઈ ૨૦૨૬ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી, ૨૦૨૫ અને ૨૦૨૬ જીછ૨૦ સીઝનમાં ડર્બન સુપર જાયન્ટ્સ માટે રમ્યા હતા. ફ્રેન્ચાઇઝીએ જાહેરાત કરી છે કે કેન વિલિયમસનને તેમના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવશે. નિવૃત્તિ લેતા પહેલા, વિલિયમસન ૨૦૨૬ ની આઇપીએલ સીઝન દરમિયાન લખનૌ સુપર જાયન્ટ્સ માટે વ્યૂહાત્મક સલાહકાર તરીકે સેવા આપી હતી. વિલિયમસન મુખ્ય કોચનું પદ સંભાળ્યા પછી ક્રિકેટ ડિરેક્ટર ટોમ મૂડી સાથે નજીકથી કામ કરશે, જ્યારે ડર્બન સુપર જાયન્ટ્સના બાકીના કોચિંગ સ્ટાફનો નિર્ણય હજુ બાકી છે.

ડર્બન સુપર જાયન્ટ્સનું એસએ ૨૦ માં લાન્સ ક્લુઝનર હેઠળ નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું, કારણ કે તે ચાર સીઝનમાં ત્રણ વખત લીગ સ્ટેજમાંથી બહાર થઈ ગયું હતું.

બોલીવુડ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે તેના મિત્રના લગ્નમાં વરરાજા અને કન્યા પર ફૂલો વરસાવ્યા

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી કંગના રનૌતે તાજેતરમાં તેના મિત્ર અને નિર્માતા અમિત તુલીના લગ્નમાં હાજરી આપી હતી. અમિતે તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ ગરિમા સાથે લગ્ન કર્યા. લગ્નમાંથી કંગનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે દંપતીને આશીર્વાદ આપતી અને તેમના પર ફૂલો વરસાવતી જોવા મળી રહી છે. અભિનેત્રીએ આ સુંદર વીડિયો તેના સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જેમાં તે મસ્તી કરતી જોવા મળી રહી છે.

કંગના રનૌત દ્વારા શેર કરાયેલા વિડીયોમાં, અભિનેત્રી વરરાજા અને વરરાજા પર ફૂલો વરસાવતી જોવા મળે છે, જેઓ એકબીજાના



હાથ પકડીને ઉભા છે. આ દરમિયાન, કંગના ઉત્સાહથી હિન્દીમાં કહે છે, "ત્રણેય લોકના બધા દેવતાઓ તમારા પર ફૂલો વરસાવી રહ્યા છે," અને દંપતીને આશીર્વાદ આપે છે. પછી તે તેમને શગુન (ભેટ) આપે છે અને વરરાજા અને વરરાજાને ગાલ પર ચુંબન કરીને પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે. અભિનેત્રીએ ઇન્સ્ટાગ્રામ પર લગ્નના કેટલાક ફોટા પણ શેર કર્યા. તેણીએ કેપ્શન આપ્યું, "પ્રિય અમિત તુલી અને ગરિમાને તેમની નવી શરૂઆત માટે ખૂબ ખૂબ અભિનંદન."

આ પ્રસંગ માટે, કંગનાએ ભારે ભરતકામ સાથે પરંપરાગત બોટલ-લીલો લહેંગા પસંદ કર્યો. તેણીએ તેને મેચિંગ દુપટ્ટા સાથે જોડી દીધો. તેણીના દેખાવને પૂર્ણ કરવા માટે, તેણીએ સ્તરવાળી ગળાનો હાર, મોટા કાનની બુટ્ટીઓ અને માંગ ટિક્કા સહિત અદભુત સોનાના દાગીના પહેર્યા હતા. અભિનેત્રીએ હળવો અને સરળ મેકઅપ પહેર્યો હતો.

અમિત તુલી એક લેખક, નિર્માતા અને માર્કેટર છે. તેમનો સ્ટુડિયો, સ્ટુડિયો નાઈનટીન એન્ટરટેઈનમેન્ટ, કંગના રનૌતની ફિલ્મ "ભારત ભાગ્ય વિધાતા" ના ડિજિટલ માર્કેટિંગમાં સામેલ હતો. અમિતનો સ્ટુડિયો "હનુમાન અંશ" ના જનસંપર્ક અને માર્કેટિંગમાં પણ સામેલ હતો.

અમિતે હેરી સચદેવ સાથે મળીને ૨૦૧૫ ની ફિલ્મ "૩૧ ઓક્ટોબર ની વાર્તા લખી હતી. શિવાજી લોટન પાટીલ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મમાં સોહા અલી ખાન અને વીર દાસ અભિનય કર્યો હતો. ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ ના રોજ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા પછીની ઘટનાઓ પર આધારિત, આ ફિલ્મ દિલ્હીમાં હિંસા દરમિયાન ફસાયેલા એક શીખ પરિવારની વાર્તા કહે છે, જ્યાં તેમના મિત્રો તેમને સુરક્ષિત પહોંચવામાં મદદ કરે છે.

છઠના પવિત્ર સિંદૂર પર ટિપ્પણીથી વિવાદ, હાસ્ય કલાકાર યશ મહેશ્વરી સામે એફઆઈઆર કરવાની માંગ

નવીદિલ્હી,

હાસ્ય કલાકાર યશ મહેશ્વરી છઠ તહેવાર અને મહિલાઓની ધાર્મિક માન્યતાઓ અંગે તેમની કથિત વાંધાજનક ટિપ્પણીને કારણે વિવાદમાં ફસાઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દિલ્હી પ્રદેશ પૂર્વાંચલ મોરચાએ છઠ પૂજાના પવિત્ર સિંદૂર અંગે સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. મોરચાના પ્રમુખ સંતોષ ઓઝાએ કોમેડિયન વિરુદ્ધ દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં તાત્કાલિક FIR નોંધવાની અને કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે મનોરંજન અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે ધાર્મિક પરંપરાઓ અથવા મહિલાઓના ગૌરવનું અપમાન કરવાનો કોઈને અધિકાર નથી. નોંધનીય છે કે રૈનાના શો અંગે અગાઉ વિવાદ ફાટી નીકળ્યો હતો, જે લાંબી ચર્ચા અને કાનૂની કાર્યવાહી બાદ સમાપ્ત થયો હતો.

મોરચાના પ્રભારી વિપિન બિહારી સિંહ અને સહ-પ્રભારી



બ્રજેશ રાય સાથે સંતોષ ઓઝાએ ૨૫ નવેમ્બરના રોજ દરિયાગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે મધ્ય જિલ્લાના ડ્ઢઁ રોહિત રાજવીર સિંહને ફરિયાદ પત્ર સુપરત કર્યો હતો, જેમાં આ મામલે હસ્તક્ષેપ કરવા અને યોગ્ય કાનૂની કાર્યવાહી સુનિશ્ચિત કરવાની માંગ કરવામાં આવી હતી.

ફરિયાદમાં સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો અને તેમાં કરવામાં આવેલી કથિત વાંધાજનક ટિપ્પણીઓની નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે. આ સાથે, સંબંધિત ડિજિટલ પુરાવાઓને સાચવવા અને તપાસ દરમિયાન આરોપો સાચા જણાશે તો ઢ્ઢૈંઇ દાખલ કરીને યશ મહેશ્વરી સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરવામાં આવી છે.

હની સિંહે એક પાકિસ્તાની ક્રિકેટરના લગ્નમાં હાજરી આપી હતી અને આતિફ અસલમ સાથે ડાન્સ કર્યો હતો

નવીદિલ્હી,

દુબઈમાં એક લગ્નમાં અબરાર ઉલ હકના ગીતો પર ડાન્સ કરતા પ્રખ્યાત ગાયકો હની સિંહ અને આતિફ અસલમના વીડિયો અને ફોટા હાલમાં હેડલાઈન્સમાં છે. હોસ્ટ સાદિક સલીમે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ કાર્યક્રમની ઝલક શેર કરી, અને પાકિસ્તાની નેટફ્લિક્સ શ્રેણી "જો બચે હૈ સંગ સમેત લો" પર પ્રતિબંધ મૂકવાની માંગણીઓ પર પણ કટાક્ષ કર્યો. આબિદા ચૌધરી અને પાકિસ્તાની ક્રિકેટર



બિલાલ આસિફના લગ્નમાં, હની સિંહે પોતાની ઉર્જાથી ડાન્સ ફ્લોર પર પ્રભુત્વ મેળવ્યું, જ્યારે આતિફ



અસલમ આરામથી અને શાંત રીતે પાર્ટીનો આનંદ માણતા જોવા મળ્યા.તસવીરો શેર કરતા, સાદિકે લખ્યું, "આતિફ અને હની એક મિત્રના લગ્નમાં આખી રાત નાચ્યા! અને તેમને અબરાર-ઉલ-હકના ગીતો પર ગરકાવ થતા જોવાનું કેટલું સુંદર દૃશ્ય હતું." બંને ગાયકોને મળવાના પોતાના અનુભવનું વર્ણન કરતા તેમણે ઉમેર્યું, "હની એક આઇકોન તરીકે આવ્યો. પ્રેમ, હૂંફ અને દોષરહિત શૈલી સાથે. અને પછી આતિફ આવ્યો. હંમેશની જેમ, શાંત, સરળ અને સરળ. તેણે પોતાનું વચન પાળ્યું અને તેના કોન્સર્ટ રિહર્સલમાંથી સીધો આવ્યો."

શબ્દ શોધો

શ	બં	પ્ર	ક	ભો	પ્રા	વા	હા	સા	મ	ર	ળ
ન	ધ	અ	ર	ર	ક	મા	દા	સ	બ	હિ	આ
ભા	ળો	બં	ક	લ	ળો	બા	ણિ	ળ	મ	ર	મા
વિ	અઃ	ડો	ન	ક	કા	દ	બ	ક	ર	ત	ધ
ત	દ	ત	પ્રા	બા	હિ	બા	કા	ઉ	સ	ડી	ન
લી	તી	બ	આ	બ	ડો	કી	સા	ણે	વ	ણ	ક્કો
બં	દ	ઇ	બા	આ	ક	મા	સ	કા	ઈ	શિ	બં
દ	મ	તી	પ્ર	સા	દ	ભો	ધ	મ	મા	ઓ	ગ
ક	ર	ર	સા	ણિ	ફ	શિ	તુ	સ	ગ	બ	ભા
પ્ર	ભ	મ	રો	મા	સા	ર	મા	જી	રા	તી	રો
ર	મા	તી	ક	વિ	પ્રા	ત	જ	બ	ગ	અ	ઉ
તી	વા	દ	ળ	ગ	ભા	કુ	ર	ળ	ધ	ગ	ક

શબ્દ શોધો પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ ,ભોરલ, મહિમા

મહેશ બાબુના ઘરે લગ્નની ઘંટડી વાગી, ભત્રીજા સિદ્ધાર્થે તેની કોરિયન ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા

નવીદિલ્હી,

આજકાલ મનોરંજન સુપરસ્ટાર મહેશ બાબુના પરિવારમાં ખુશીનો માહોલ છે. અભિનેતાના ભત્રીજા સિદ્ધાર્થ ગલ્લાએ તેની દક્ષિણ કોરિયન ગર્લફ્રેન્ડ હાયિન કિમ સાથે લગ્ન કર્યા છે. આ દંપતીએ પરંપરાગત તેલુગુ રિવાજો અનુસાર લગ્ન કર્યા. લગ્ન સમારોહમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. આ ખાસ પ્રસંગના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે. ફોટામાં, વરરાજા અને કન્યા પરંપરાગત લગ્ન વિધિઓ કરતા જોવા મળે છે.

મહેશ બાબુની બહેન મંજુલા ઘટ્ટામણેનીએ લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. ફોટામાં, સિદ્ધાર્થ અને હ્યોન લગ્ન



મંડપમાં બેઠા જોવા મળે છે. લગ્નનો આનંદ બંનેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે. સિદ્ધાર્થે આ ખાસ દિવસ માટે એક સરળ પરંપરાગત દેખાવ પસંદ કર્યો હતો. તેણે સફેદ શર્ટ સાથે સફેદ વેસ્ટ પહેર્યો હતો. ભારતીય પરંપરાને અનુસરીને, હ્યોને સુંદર લાલ સિલ્ક સાડી પહેરી હતી. લગ્ન દરમિયાન પરિવારના સભ્યો પણ દંપતી સાથે જોવા મળ્યા હતા. જોકે, મહેશ બાબુ અને તેમની પત્ની નમ્રતા શિરોડકર અત્યાર સુધી ફોટામાં દેખાતા નથી, જેના કારણે ચાહકોમાં અભિનેતાની હાજરી અંગે પ્રશ્નો ઉભા થાય છે. જો કે, ફોટામાંથી તેમની ગેરહાજરીનો અર્થ એ નથી કે તેઓ સમારોહમાં હાજર રહ્યા ન હતા. તેમના તરફથી આ અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

અભિનેત્રી ઐશ્વર્યા રાયે તેની ભાભી શ્રીમા રાયના જન્મદિવસમાં પુત્રી આરાધ્યા સાથે હાજરી આપી

મુંબઈ,

ઐશ્વર્યા રાય અને તેની પુત્રી આરાધ્યાએ તાજેતરમાં તેમના પરિવારો સાથે સમય વિતાવ્યો હતો.ઐશ્વર્યાની ભાભી શ્રીમા રાયનો જન્મદિવસ હતો, જે તેમણે તેમના પરિવારો સાથે ઉજવ્યો હતો. ઐશ્વર્યાની માતા અને શ્રીમાના પુત્રએ પણ ઉજવણીમાં હાજરી આપી હતી. આ પ્રસંગનો એક પરિવારનો ફોટો સોશિયલ મીડિયા પર ધ્યાન ખેંચી રહ્યો છે. બુધવાર, ૨૫ નવેમ્બરના રોજ, શ્રીમાએ ઈન્સ્ટાગ્રામ પર તેના જન્મદિવસની ઉજવણીની કેટલીક ઝલક શેર કરી. એક ફોટામાં ઐશ્વર્યા, આરાધ્યા, શ્રીમા, ઐશ્વર્યાની માતા અને શ્રીમાનો પુત્ર સાથે પોઝ આપતા દેખાય છે. જોકે, ફોટામાં અભિષેક બચ્ચન



દેખાતા નથી.

તસવીરો શેર કરતા, ઐશ્વર્યા રાયની ભાભી શ્રીમાએ લખ્યું, "મારા કેમેરા રોલમાં કેદ થયેલા મારા જન્મદિવસની કેટલીક ઝલક... કૃતજ્ઞતા, ફૂલો, એક આશ્ચર્યજનક મીડિયા પોસ્ટ, થોડી મજા, વધુ ફૂલો, અને દિવસનો છેલ્લો ભાગ મારા બાળકો અને સાસુ સાથે વિતાવવો."

આ ફોટો એવા સમયે આવ્યો છે જ્યારે સોશિયલ મીડિયા પર શ્રીમાના ઐશ્વર્યા અને આરાધ્યા સાથેના સંબંધો અંગે વારંવાર પ્રશ્નો ઉભા થયા છે. હકીકતમાં, શ્રીમા ભાગ્યે જ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર તેમની સાથેના ફોટા શેર કરે છે.

રાજકોટમાં મશીન ટુલ્સના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું અગ્રણીઓના હસ્તે ભવ્ય ઉદ્ઘાટન



રાજકોટ,

રાજકોટના એનએસઆઈસી ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય મશીન ટુલ્સના પ્રદર્શનનો પ્રારંભ થયો હતો. આ મશીન ટુલ્સનું આયોજનનું મશીન ટુલ્સ મેન્યુફેકચર્સ એસોસીએશન રાજકોટ તથા કેએનડી કોમ્યુનિકેશન લિમીટેડ અમદાવાદના સંયુકત ઉપક્રમે કરાયું છે.

આજે સવારે પ્રદર્શનનું ઉદઘાટન શહેરના અગ્રણીઓના હસ્તે કરાયું હતું. આજથી તારીખ ૨૮ નવેમ્બર ૨૦૨૬ દરમ્યાન આ પ્રદર્શન સવારે દસ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી યોજાશે આ પ્રદર્શનમાં દેશ વિદેશની નાની અનામી કંપનીઓ ભાગ લઈ રહી છે.

આજે પ્રદર્શનનું ભવ્ય ઉદઘાટન રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રાજયસભાના પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી તથા રવિ ટેકનો ફોર્જ પ્રાઈલીઈના એમ.ડી. અમુભાઈ ભારદીયાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, શહેર ભાજપ અગ્રણી રાજાભાઈ વાવડી, હરેશભાઈ કાનાણી, ભરતભાઈ શીંગાળા તેમજ રાજકોટ મહાનગરપાલિકાના સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષ ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સતત એકવીસ વર્ષથી રાજકોટ મશીન ટુલ્સ શો ઉદ્યોગ જગતમાં આગવું સ્થાન ધરાવે છે. આ શો ને દરેક વખતે અપ્રતિમ પ્રતિસાદ મળતો રહ્યો છે. આ પ્રદર્શન ગુજરાતમાં બીજા નંબરનું અને ભારતનું સૌથી મોટું ત્રીજા નંબરનું એકઝીબીશન છે. આ પ્રદર્શનમાં દેશ વિદેશની નામી તેમજ અનામી ૫૦૦ કંપનીઓ ભાગ લઈ રહી છે.

જેમાં ભારત, યુએસએ, જર્મની, નેધરલેન્ડ, સાઉથ આફ્રિકા, યુ.કે., તુર્કી, તાઈવાન, સ્પેન, ચાઈના, જાપાન, કોરીયા, યુએઈ, થાઈલેન્ડ તેમજ સિંગાપુરની કંપનીઓનો સમાવેશ થાય છે. આજે પ્રદર્શનના પ્રારંભે જ મુલાકાતીઓનો ધસારો રહ્યો હતો. ચાર દિવસ દરમ્યાન આ પ્રદર્શનની મુલાકાતે અંદાજીત ૫૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ આવે તેવી સંભાવના છે. કુલ ૫૦,૦૦૦ ચો.મી. એરિયામાં યોજાઈ રહેલ આ પ્રદર્શનમાં કુલ ૩૫૦ સ્ટોલ રાખવામાં આવેલ છે.

રાજકોટ મશીન ટુલ્સ મેન્યુફેકચર્સ એસોસીએશન તથા કેએનડી કોમ્યુનિકેશન લિમિટેડ અમદાવાદ દ્વારા યોજાઈ રહેલ આ મશીન ટુલ્સ પ્રદર્શનને ૨૦૦૬થી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે તેવા સમયે આ દસમો રાજકોટ મશીન ટુલ્સ શો-૨૦૨૬ આવનારા દિવસોમાં એન્જીનીયરીંગના ઉત્પાદકો માટે બહાળી તકો ઉભી કરશે તેમાં કોઈ શંકા જ નથી તેમ એસોસીએશનના પ્રમુક યોગીનભાઈ છનિયારાએ જણાવ્યું હતું.

આ એકઝીબીશનને સફળ બનાવવા એસોસીએશનના હોદેદારો યોગીનભાઈ છનીયારા (પ્રમુખ), હરેશભાઈ પટેલ (ઉપપ્રમુખ), તેજસભાઈ દુદકીયા (સેક્રેટરી), દેવલભાઈ ધોરેચા (જો.સેક્રેટરી) કનકસિંહ ગોહીલ (ખજાનચી) તથા એસોસીએશનના ડાયરેકટરો સચીનભાઈ નગેવાડીયા, બીજેશભાઈ સાપરીયા, કરણભાઈ પરમાર, અશ્વિનભાઈ કવા, કેતનભાઈ ગજેરા, બીપીનભાઈ સિધ્ધપુરા, ઘનશ્યામભાઈ પરમાર, હરેશભાઈ ડોડીયા, રવીભાઈ મારૂ અને વિમલભાઈ કંટારીયા તથા કે એન્ડ ડી કોમ્યુનીકેશન અમદાવાદના કમલેશભાઈ ગોહીલ, અમીતભાઈ મિસ્ત્રી તથા તેમની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

રાજકોટમાં બોલબાલા મહિલા પાંખ દ્વારા સ્નેહમિલન -'સાડી વિથ પરફેક્ટ મેચિંગ' સ્પર્ધા યોજાઈ



રાજકોટ,

રાજકોટ બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓની સાથે મહિલાઓના ઉત્કર્ષ માટે 'આત્મનિર્ભર અને મહિલા સશક્તિકરણ' પ્રોજેક્ટ અંતર્ગત અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

જે અંતર્ગત ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ 'નારી તુ નારાયણી' સૂત્રને સાર્થક કરતા કાલાવડ રોડ સ્થિત બોલબાલા સેવા સદન ખાતે બોલબાલા મહિલા પાંખના સભ્યો માટે સ્નેહમિલન સાથે 'સાડી વિથ પરફેક્ટ મેચિંગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રંજનબેન કોટક, સકિનાબેન સાબુવાલા, જયોત્સનાબેન ટીલાળા સહિત મહિલા પાંખના કમિટી મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા અને સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં એઆઈ આધારિત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનો આરંભ

સચોટ, સુરક્ષીત, ઝડપી અને પીડા સહિત રિકવરી: પત્રકાર પરિષદમાં માહિતી આપતા નિષ્ણાંત તબીબો



રાજકોટ, તા. ૨૬:

સુપર-સ્પેશિયાલિટી હેલ્થકેર સંસ્થા વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા આજે અત્યાધુનિક એઆઈ - આધારિત રોબોટિક ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી (AI-Based Robotic-Assisted Knee Replacement Surgery) પ્રોગ્રામના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી છે. દર્દી સેવાના ૨૦મા વર્ષમાં પ્રવેશેલી એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટમાં એઆઈ આધારિત ઓર્થોપેડિક રોબોટની મદદથી ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી શરૂ કરવામાં આવી છે. પરંપરાગત ઘૂંટણ રિપ્લેસમેન્ટની સાથે આ નવી સુવિધા ઉપલબ્ધ થતાં રાજકોટ અને સૌરાષ્ટ્રના યોગ્ય દર્દીઓને અમદાવાદ કે મુંબઈ સુધી ગયા વિના રાજકોટમાં જ રોબોટિક સહાયવાળી સર્જરીનો વિકલ્પ મળશે. વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટ દ્વારા આધુનિક ટેક્નોલોજી, અનુભવી નિષ્ણાત તબીબો અને દર્દીકેન્દ્રિત સારવારને સતત પ્રાથમિકતા આપવામાં આવી છે. જેમાં હવે હવે હોસ્પિટલમાં એઆઈ આધારિત ઓર્થોપેડિક રોબોટની મદદથી ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી શરૂ થઈ છે. વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટના સિનિયર કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડો. રૂપેશ મહેતાના નેતળત્વમાં શરૂ કરાયેલી આ સુવિધા રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓને વધુ સચોટ, સુરક્ષિત. ઝડપી અને પીડારહિત રિકવરીની નવી આશા આપે છે.

આ અંગે વધુ માહિતી આપતા વોકહાર્ટ હોસ્પિટલ્સના સેન્ટર હેડ ડો. દુષ્યંત પટેલ જણાવે છે કે રાજકોટ અને સૌરાષ્ટ્રના દર્દીઓને ઘર નજીક નિષ્ણાત સારવાર મળી રહે એ અમારી સેવાયાત્રાનું કેન્દ્ર રહ્યું છે. વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ દર્દી સેવાના ૨૦માં વર્ષમાં પ્રવેશી છે ત્યારે સારવારમાં સમયાનુકૂળ નવી તકનીકનો સમાવેશ કરવાની દિશામાં અમે વધુ એક પગલું ભર્યું છે. એઆઈ આધારિત રોબોટિક ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી શરૂ થતાં દર્દીઓને રાજકોટમાં જ આ સારવારનો વિકલ્પ મળશે. નિષ્ણાત પરામર્શથી લઈને સર્જરી, ફિઝિયોથેરાપી અને અનુસંભાળ સુધીની સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવી એ આ પહેલનો ઉદ્દેશ છે

રાજકોટ ડિવિઝનના ચાર રેલવે સ્ટેશનો પર સ્થાપિત કરવામાં આવ્યા પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનો

સીએસઆર યોજના હેઠળ મશીના મુકાયા; પ્લાસ્ટિક કચરાના યોગ્ય વ્યવસ્થાને મળશે પ્રોત્સાહન



રાજકોટ,

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વ પૂર્ણ પહેલ કરવામાં આવી છે. આ અંતર્ગત ડિવિઝનના ચાર રેલવે સ્ટેશનો પર પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ મશીનો કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) યોજના હેઠળ રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ પહેલ હેઠળ બે મશીનો ભક્ત નગર અને રાજકોટ રેલવે સ્ટેશનો પર તથા અન્ય બે મશીનો જામનગર અને દ્વારકા રેલવે સ્ટેશનો પર સ્થાપિત કરવામાં આવ્યાસ છે.

આ મશીનોના માધ્યમથી ઉપયોગ બાદ ખાલી થયેલી પ્લાસ્ટિકની બોટલોને ક્રશ કરીને તેનું કદ નાનું કરવામાં આવશે, જેનાથી તેને એકત્રિત કરવામાં, પરિવહન કરવામાં તથા આગળના નિકાલમાં સુવિધા રહેશે. આનાથી રેલવે સ્ટેશનો પર પ્લાસ્ટિક કચરાનો ફેલાવો ઘટાડવામાં તથા પ્લાસ્ટિક વેસ્ટના બહેતર વ્યવસ્થાપનમાં મદદ મળશે. સાથે જ, આ પહેલ મુસાફરોને પ્લાસ્ટિક બોટલોના યોગ્યે નિકાલ પ્રત્યે જાગત કરવામાં પણ સહાયક બનશે.

રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે રેલવે સ્ટેશનોને સ્વચ્છ અને પર્યાવરણ-અનુકૂળ બનાવવા માટે રાજકોટ ડિવિઝન સતત પ્રયત્નશીલ છે. પ્લાસ્ટિક કચરાનો યોગ્ય નિકાલ આ દિશામાં એક મહત્વ પૂર્ણ કદમ છે. તેમણે મુસાફરોને આ મશીનોનો વધુમાં વધુ ઉપયોગ કરીને પ્લાસ્ટિકપ્રદૂષણ ઘટાડવા અને પર્યાવરણ સંરક્ષણમાં સહયોગ આપવાની અપીલ કરી છે.

આ પહેલ સ્વચ્છ રેલવે પરિસરના નિર્માણ,પ્લાસ્ટિક કચરામાં ઘટાડો તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેગ રાજકોટ ડિવિઝનની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

રાજકોટ સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે શનિવારે મૌલિક દ્વિઅંકી નાટક 'નાંબીનાથ' ભજવાશે

કવન ઈવેન્ટ્સ-રાજકોટની પ્રસ્તુતિ; નાટ્યપ્રેમી જનતા માટે વિનામૂલ્યે પ્રવેશ

રાજકોટ,ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી-ગાંધીનગરની આર્થિક સહાયથી તેમજ કવન ઈવેન્ટ્સ-રાજકોટની પ્રસ્તુતિ હેઠળ આગામી શનિવાર, તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે જામનગર રોડ પર મોટારામપર સ્થિત સદભાવના વૃદ્ધાશ્રમ ઓડિટોરિયમ ખાતે ૩૫ કલાકારોના કાફલા સાથે મૌલિક દ્વિઅંકી નાટક 'નાંબીનાથ' ભજવાશે. હાર્દિક મહેતા લિખિત અને દિગ્દર્શિત આ નાટક આજની નવી પેઢીને ગણપતિ બાપ્પાના સ્વરૂપની સચોટ તાત્વિક સમજણ આપીને સાચો સામાજિક સંદેશ પૂરો પાડે છે.

આ નાટકમાં અમ્રિતા ગુપ્તા, ભાવિક દોશી, અમિત વાઘેલા, દર્પણ લાઠીગ્રા, હેતંગી વૈષ્ણવ, મૈત્રી પીલોજપરા, સોનલ જોશી, શમીક દવે, વિશ્વા વૈષ્ણવ, ચિરાગ દાંદવાણી, કવન મહેતા અને ભવ્ય નાર્ગેચા અભિનયના ઓજસ પાથરશે, જ્યારે વિધિ જોશી, સોનલ રાવલ, નિશિકા વાગડિયા, સોનલ નેભાણી, ભાવિક મકવાણા, મિત ટીકરિયા, પ્રશાંત ભટ્ટ, પ્રજ્ઞા મીઠાપરા અને ડો. સોનલ જોશી નૃત્ય કૃતિઓ રજૂ કરશે.

સહ-દિગ્દર્શન હેતલ મહેતા, કોરિયોગ્રાફી ગૌતમ દવે, સંગીત નીરજ કડવાતર, મેકઅપ હિમાંશુ પાડલીયા, સેટિંગ્સ અશોક લુંગાતર, પ્રોડક્શન મેનેજર ઈન્દુબેન મહેતા, સ્ટેજ મેનેજમેન્ટ પર્વ દવે, ઉદ્ઘોષક રાજવી દવે, વેશભૂષા ક્રિષ્ના દવે અને લાઈટ્સ-સાઉન્ડ ઉમેશ રાવ સંભાળશે.

રાજકોટના ત્રંબામાં મોહનધામ આશ્રમ ખાતે શ્રીરામપારાયણનું આયોજન

ભક્તિ, ભોજન,ભજનનો ત્રિવેણી સંગમ: દરરોજ ભાવિકો માટે મહાપ્રસાદ

રાજકોટ,રાજકોટના ત્રંબામાં મોહનધામ આશ્રમે સંત શ્રી બજરંગદાસ બાપા રામ ચરિત્ર માનસ શ્રી રામપારાયણનું ૧ ડિસેમ્બર સુધી આયોજન કરાયું છે. જેના વ્યાસસને શાસ્ત્રી હિરેનભાઈ જોશી બિરાજમાન છે. વ્યાસાનેથી તેઓએ જણાવ્યું હતું કે,બજરંગ એટલે જેનું અંગ વ્રજ જેવું હોઈ.આશ્રમે ભક્તિ,ભોજન અને ભજનનો ત્રિવેણી સંગમ,રામકથા સાંભળી ભક્તો ભાવવિભોર થયા છે. સંત શ્રી બજરંગદાસ બાપા રામ ચરિત્ર માનસ શ્રી રામપારાયણનું ભાવીકો મોટી સંખ્યામાં રસપાન

સંત શ્રી બજરંગદાસ બાપાના જીવનકવન પર આધારિત આ કથાનું આયોજન સંત શ્રી બજરંગદાસ બાપાના પાવન સાંનિધ્યમાં તથા સંત શ્રી મોહનદાસ બાપા અને સંત શ્રી શામળાબાપાની ગુરૂશ્રી પરંપરાની કૃપાદૃષ્ટિથી મોહનધામ આશ્રમ ખાતે કરવામાં આવ્યું છે. સંતશ્રી મોહનદાસ બાપા ગુરુશ્રી શામળાબાપા માનવ સેવા ટ્રસ્ટષ દ્વારા આયોજિત આ ધાર્મિક કથામાં ભગવાન શ્રીરામના જીવનચરિત્ર, આદર્શો, મર્યાદા, કર્તવ્યકનિષ્ઠા અને ભક્તિંના વિવિધ પ્રસંગોનું ભાવસભર વર્ણન કરવામાં આવશે. કથાનો સમય દરરોજ સવારે ૯.૩૦થી ૧૨.૩૦ અને બપોરે ૩.૩૦થી ૬ રખાયો છે. હરીહર મહાપ્રસાદનો સમય સવારે ૧૧:૩૦ અને સાંજે ૭ વાગ્યેસ રખાયો છે.

કાર્તિકી પૂર્ણિમાના પાવન અવસરે સોમનાથ તીર્થમાં બ્રહ્માજીની રથયાત્રા યોજાઈ



વેરાવળ,પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવની પાવન સાનિધ્ય ભૂમિ પ્રભાસ તીર્થ ખાતે કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર અવસરે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા બ્રહ્માજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્કંદ પુરાણમાં કાર્તિકી પૂર્ણિમાના પાવન દિવસે બ્રહ્માજીની રથયાત્રાનું વિશેષ વર્ણન પ્રાપ્ત થાય છે. આ રથયાત્રામાં સહભાગી થવાથી અશ્વમેધ યજ્ઞ સમાન પુણ્ય પ્રાપ્ત થાય છે તેવી ધાર્મિક માન્યતા છે. આ પૌરાણિક પરંપરાને જીવંત રાખવાના ઉદ્દેશ્યથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિધિવત પૂજન-અર્ચન અને ધાર્મિક વિધિઓ સાથે રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

રથયાત્રામાં પ્રભાસ પાટણના તમામ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. સાથે જ સોમનાથ તીર્થના દર્શને આવેલા દેશ-વિદેશના શ્રદ્ધાળુઓએ પણ આ પવિત્ર યાત્રામાં સહભાગી બની સનાતન સંસ્કૃતિ અને પરંપરાના વિજયરથને આગળ ધપાવ્યો હતો. ભક્તિ, શ્રદ્ધા અને સનાતન સંસ્કૃતિના રંગે રંગાયેલી આ રથયાત્રાએ સમગ્ર તીર્થક્ષેત્રમાં ધાર્મિક ઉત્સાહ અને આધ્યાત્મિક ચેતનાનો સંચાર કર્યો હતો

રવિવારે રાજકોટમાં મચ્છુ કઠીયા સઈ સુથાર જ્ઞાતિનું સ્નેહમિલન, રંગોળી સ્પર્ધા

રાજકોટ,

અખીલ મચ્છુ કઠીયા સઈ સુથાર સખી સહેલી મંડળ - રાજકોટ (મહિલા સંચાલિત) દ્વારા આગામી તા. ૨૯ રવિવારના રોજ રંગોળી સ્પર્ધા તેમજ સ્નેહ મિલન રંભામાની વાડી, શાસ્ત્રીનગર, શીતલ પાર્ક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

જેમાં રાજકોટમાં રહેતા તમામ મચ્છુ, કઠીયા સઈ સુથાર જ્ઞાતિજનો હાજરી આપશે. રંગોળી સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોને પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવશે. આયોજનને સફળ બનાવવા મીનાબેન જે. પીઠડીયા, અમીતાબેન પીઠડીયા, જયશ્રીબેન પીઠડીયા, હર્ષાબેન વાય. પીઠડીયા, દિપકભાઈ ચુનીલાલ પીઠડીયા, જીતુભાઈ પરમાર, યોગેશભાઈ પીઠડીયા, જયશ્રીબેન સોલંકી જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટમાં સાંસદ સભ્ય સંબિત પાત્રા સાથે રામભાઈ મોકરીયાની મુલાકાત

રાજકોટ,

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય સ્તંરના પ્રખર પ્રવક્તા, જાણીતા વક્તા તથા સાંસદ સભ્ય સંબિત પાત્રા રાજકોટની મુલાકાતે પધાર્યા તે પ્રસંગે રાજકોટ સર્કિટ હાઉસ ખાતે પૂર્વ સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ તેમની સૌજન્ય મુલાકાત કરી હતી. રામભાઈ મોકરીયાએ શ્રી સંબિત પાત્રાનું સાથે ગુજરાત અને સૌરાષ્ટ્રના વિકાસ, લોકહિતના વિવિધ પ્રશ્નો , વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ સહિતના વિવિધ વિષયો પર



સૌહાર્દપૂર્ણ વાતચીત કરી હતી.

શ્રી સંબિત પાત્રાજી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય સ્તરે જાણીતા પ્રવક્તા તરીકે દેશના વિવિધ જાહેર અને રાજકીય મંચો પર પોતાના વિચારો તથા પક્ષની નીતિઓને અસરકારક રીતે રજૂ કરતા રહ્યા છે. તેમની રાજકોટ મુલાકાત દરમિયાન થયેલી આ સૌજન્ય મુલાકાતે પરસ્પર સંવાદ અને સંગઠનાત્મક સંબંધોને વધુ સુદૃઢ બનાવવાની ભાવનાને ઉજાગર કરી હતી.

પૂર્વ સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ આ પ્રસંગે શ્રી સંબિત પાત્રાને આગામી જાહેરજીવનની પ્રવૃત્તિઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન બંને મહાનુભાવોએ પરસ્પર આત્મયતા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. આ તકે રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રાજકોટ ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે ઉપસ્થિત રહયા હતા.

૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની બેઠક; મહિલા અનામત બિલ લાવવાની અટકળો

કેન્દ્ર સરકારે એક-એક દિવસનું રાજ્યસભા, લોકસભા સત્ર બોલાવ્યું



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સંસદના બંને ગૃહોની એક-એક દિવસની બેઠક બોલાવી છે. લોકસભાની બેઠક ૩૦ નવેમ્બરે અને રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ યોજાશે. બંને ગૃહોની કાર્યવાહી ૩ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ શકે છે.

કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ ગુરુવારે ઠ પર પોસ્ટ કરીને આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે સરકારે રાજ્યસભાના અધ્યક્ષ અને લોકસભાના સ્પીકરને બેઠક બોલાવવાનો અનુરોધ કર્યો છે. આ દરમિયાન જરૂરી સરકારી કામકાજ પૂર્ણ કરવામાં આવશે.આ દરમિયાન સંસદમાં મહિલા અનામત કાયદો લાગુ કરવા માટે સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા વિધેયક અંગે ચર્ચા ચાલી રહી છે. તેને લઈને સંસદનું વિશેષ અથવા વિસ્તૃત સત્ર બોલાવવામાં આવશે તેવી અટકળો હતી. આવી સ્થિતિમાં બંને ગૃહોની બેઠક બોલાવવાને આ વિધેયક સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. જોકે, સરકારે હજુ સુધી બેઠકના એજન્ડામાં આ વિધેયકનો સમાવેશ કરવાની પુષ્ટિ કરી નથી.લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ૧૩ ઓગસ્ટે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી. તેના ૧૦૩ દિવસ બાદ પણ બુધવાર રાત સુધી ચોમાસુ સત્ર ઔપચારિક રીતે સમાપ્ત થયું નહોતું. આ પહેલાં ૨૦૦૮માં સંસદનું સત્ર ૮૭ દિવસ સુધી ઔપચારિક સમાપન વિના ચાલ્યું હતું. ચોમાસુ સત્ર ૨૦ જુલાઈએ શરૂ થયું હતું. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ૧૩ ઓગસ્ટે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી બંને ગૃહોનું સત્ર ઔપચારિક રીતે સમાપ્ત થયું નથી.

ભાજપનું સેવા દૂત અભિયાનઃ ૧ ડિસેમ્બરથી નેતાઓ ૨૫ દિવસ માટે ગામડાઓની મુલાકાત લેશે

પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો સીધા જનતા સુધી પહોંચશે

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫મા વર્ષગાંઠ નિમિત્તે, ભાજપ સમગ્ર ભારતમાં "સેવાદૂત અભિયાન" શરૂ કરી રહ્યું છે. આ અભિયાન ૧ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી ચાલશે. આ અભિયાન હેઠળ, પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો સીધા જનતા સુધી પહોંચશે. તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરશે. તેઓ સામાન્ય લોકોની સમસ્યાઓ પણ સાંભળશે અને તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરશે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી હરીશ દ્વિવેદીને આ અભિયાનના સંયોજક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

"સેવાદૂત અભિયાન" હેઠળ, ભાજપના વરિષ્ઠ નેતાઓ ૨૫ દિવસ માટે વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાં પ્રવાસ કરશે. આ સમય દરમિયાન, તેઓ ગામડાઓ, નગરો અને શહેરી વિસ્તારોની મુલાકાત લઈને લોકો સાથે સીધો સંવાદ કરશે. પાર્ટીનો ઉદ્દેશ્ય સરકારી યોજનાઓની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો અને લોકોને તેમાંથી કેટલો લાભ મળી રહ્યો છે તે સમજવાનો છે. લોકોની વચ્ચે રહીને, નેતાઓ તેમની સમસ્યાઓ અને જરૂરિયાતોને પણ સમજશે. આ અભિયાનમાં, ભાજપના કાર્યકરો સાથે, ખાસ નિયુક્ત "સેવાદૂતો" મુખ્ય ભૂમિકા ભજવશે. તેઓ વિધાનસભા મતવિસ્તારો, મંડળો, ગામડાઓ અને વોર્ડની મુલાકાત લઈને લોકો સાથે મુલાકાત કરશે. આ સમય દરમિયાન, તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ વિશે માહિતી દરેક ઘર સુધી પહોંચાડશે અને લોકોને આ યોજનાઓનો લાભ કેવી રીતે લેવો તે પણ જણાવશે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય એ નક્કી કરવાનો છે કે લાયક લોકોને લાભ મળી રહ્યો છે કે નહીં. સેવાદૂતો એવા લોકોની ઓળખ કરશે જેમને લાયક હોવા છતાં, યોજનાઓ હેઠળ લાભ મળ્યો નથી.

SpaceX દરેક સક્રિય ટ્રમ્પ એકાઉન્ટને એક શેર આપશે

એલોન મસ્કે કંપનીના યોગદાન જેટલી જ રકમનું પોતે પણ યોગદાન આપ્યું

યુએસ

SpaceX એ જાહેરાત કરી છે કે તે દરેક સક્રિય 'ટ્રમ્પ એકાઉન્ટ' (Trump Account) ધારકને તેના 'ક્લાસ છ' સ્ટોકનો એક શેર આપશે. કંપનીના CEO, એલોન મસ્કે, વ્યક્તિગત રીતે SpaceX ના યોગદાન જેટલી જ રકમ (અથવા તેટલા જ શેર) આપવાની જાહેરાત કરી છે. કંપનીએ બુધવારે આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, તેઓ ઈચ્છે છે કે વધુને વધુ યુવાન અમેરિકનો કંપનીના વિકાસ અને ભવિષ્યની યોજનાઓનો લાભ મેળવે.

એક નિવેદનમાં, SpaceX એ કહ્યું કે તેઓ ભવિષ્ય માટેનું માળખું તૈયાર કરી રહ્યા છે અને અન્ય ગ્રહો પર માનવ જીવન શક્ય બને તે દિશામાં કામ કરી રહ્યા છે. CNBC ના અહેવાલ મુજબ, કંપનીનું માનવું છે કે અમેરિકનોની આગામી પેઢીને પણ આવી ટેક્નોલોજી વિકસાવતી કંપનીમાં હિસ્સેદાર બનવાની તક મળવી જોઈએ.આ જાહેરાત બાદ, બુધવારે ટ્રેડિંગના કલાકો પછી (after-hours trading) SpaceX ના શેરમાં ૧% નો વધારો જોવા મળ્યો હતો. SpaceX ના પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર, ગ્વિન શોટવેલે પણ વ્યક્તિગત યોગદાન આપવાની જાહેરાત કરી છે. કંપનીના જણાવ્યા અનુસાર, તેઓ ૨ મિલિયન (૨૦ લાખ) થી વધુ શેર ભેટ તરીકે આપશે.

સમાજવાદી પાર્ટીની વૃદ્ધ મહિલાઓને વાર્ષિક ૪૦,૦૦૦ રૂપિયા પેન્શન,બેરોજગાર યુવાનો માટે માસિક ૫,૦૦૦ રૂપિયા ભથ્થાની જાહેરાત

સમાજવાદી પાર્ટીએ યુપી ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો બહાર પાડ્યો



લખનૌ,

સમાજવાદી પાર્ટીએ આવતા વર્ષે યોજાનારી યુપી વિધાનસભા ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. સપા યુપી વિધાનસભા ચૂંટણી માટે પોતાનો મેનિફેસ્ટો પણ બહાર પાડી રહી છે. પાર્ટી તેના ચૂંટણી મેનિફેસ્ટો દ્વારા પીડીએ (પછાત, દલિત, લઘુમતી) ગઠબંધનને વધુ મજબૂત બનાવવાની તૈયારી કરી રહી છે. સપાએ વૃદ્ધ મહિલાઓને વાર્ષિક ૪૦,૦૦૦ રૂપિયા પેન્શન આપવાની જાહેરાત કરી. તેણે બેરોજગાર યુવાનો માટે માસિક ૫,૦૦૦ રૂપિયા ભથ્થાની પણ જાહેરાત કરી.

સપાએ તેના ચૂંટણી અભિયાનને "સત્તાસ કા સંકલ્પ: પીડીએનો સંકલ્પ" નામ આપ્યું છે. તેની થીમ "દરેક હાથ માટે કામ, દરેક ખેડૂત માટે કિંમત, મહિલાઓ માટે સન્માન અને કાયદાનું સન્માન" છે. રાજ્ય સ્તરના મેનિફેસ્ટોની સાથે, પાર્ટી દરેક જિલ્લા માટે એક અલગ મેનિફેસ્ટો પણ તૈયાર કરી રહી છે. સ્થાનિક જરૂરિયાતો, માળખાગત સુવિધાઓ અને પ્રાદેશિક મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

સપાના મેનિફેસ્ટોમાં મફત આરોગ્ય સંભાળ, એમ્બ્યુલન્સ અને મફત શિક્ષણ,બંધ પ્રાથમિક શાળાઓ ફરીથી ખોલવામાં આવશે.,બધા યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સમાન તકો પૂરી પાડવામાં આવશે. પીડીએ સમુદાયના વિદ્યાર્થીઓ માટે એક ખાસ રાજ્ય શિક્ષણ નીતિ રજૂ કરવામાં આવશે.

યુસીસી મુદ્દે અમિત શાહના કોંગ્રેસ પર આકરા પ્રહાર

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 'યુનિફોર્મ સિવિલ કોડ' (UCC - સમાન નાગરિક સંહિતા)ના વિરોધને લઈને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ભાજપ શાસિત તમામ રાજ્યોમાં આગામી દિવસોમાં આ કાયદો લાગુ કરવામાં આવશે. તેમણે વિપક્ષ પર બંધારણને બદનામ કરવાનો આરોપ પણ લગાવ્યો અને આ સંદર્ભમાં 'ઈમરજન્સી' (કટોકટી) દરમિયાન મૂળભૂત અધિકારો સ્થગિત કરવા અને વરિષ્ઠ નેતાઓને જેલમાં નાખવાની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો.

'બંધારણ દિવસ' નિમિત્તે એક કાર્યક્રમને સંબોધતા શાહે કહ્યું કે, બંધારણના ઘડવૈયાઓએ 'રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' માં UCCનો સમાવેશ કર્યો હતો. તેમણે દલીલ કરી કે, ધર્મ ગમે તે હોય, દરેક નાગરિકને એક સમાન કાયદા હેઠળ જીવવાનો અધિકાર મળવો જોઈએ. શાહે કહ્યું, "આપણા બંધારણના ઘડવૈયાઓએ આપણા માર્ગદર્શક સિદ્ધાંતોમાં UCCનો સમાવેશ કર્યો હતો. દેશના દરેક નાગરિકને - પછી તે હિન્દુ, શીખ, મુસ્લિમ, ખ્રિસ્તી કે પારસી હોય - એક સમાન કાયદા હેઠળ જીવવાનો અધિકાર મળવો જ જોઈએ. કાયદાઓ ધર્મના આધારે ન બનવા જોઈએ; જ્યારે તમારી પાર્ટી, રાહુલ જી, આ વાતને સંપૂર્ણપણે નકારે છે."

તેમણે વધુમાં કહ્યું, "આજે હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે આગામી દિવસોમાં, જ્યાં પણ ભાજપની સરકારો છે, ત્યાં અમે UCC લાગુ કરવા જઈ રહ્યા છીએ.

પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીરની ટીકા કરનારા મૌલાના ફઝલુર રહેમાનને નજરકેદ કરવામાં આવ્યા

મૌલાનાના ઘરની આસપાસ ૩૦૦૦ થી વધુ સૈનિકો ખડકી દેવામાં આવ્યા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાની સેના હવે પોતાના જ નેતાઓને અટકાયતમાં લઈ રહી છે. જમિયત ઉલેમા-એ-ઈસ્લામના વડા મૌલાના ફઝલુર રહેમાનને લાહોરમાં નજરકેદ કરવામાં આવ્યા છે. તેમના ઘરની આસપાસ ૩,૦૦૦ થી વધુ સૈનિકો તૈનાત છે. મૌલાના ફઝલુર રહેમાન હાલમાં સેના અને ખાસ કરીને જનરલ અસીમ મુનીરને નિશાન બનાવી રહ્યા છે. તેઓ જનરલ મુનીર પર દેશના ખનીજ લૂંટવાનો આરોપ લગાવી રહ્યા છે. મૌલાના ફઝલુર રહેમાન કાલે સરગોધામાં એક મોટી રેલી કરવાના હતા, પરંતુ જ્યારે તેઓ ગઈકાલે સાંજે હાઇકોર્ટ બાર એસોસિએશનના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે લાહોર પહોંચ્યા ત્યારે તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા.

મૌલાના ફઝલુર રહેમાનના પક્ષના જણાવ્યા અનુસાર, તેમને વકીલોના કાર્યક્રમમાં હાજરી આપતા અટકાવવા માટે આ કરવામાં આવ્યું હતું. મૌલાના રહેમાને તાજેતરમાં સેના અને ખાસ કરીને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની ટીકા વધુ તીવ્ર બનાવી છે. તેમની ટીકાના મુખ્ય મુદ્દાઓમાં દુર્લભ પૃથ્વી ખનીજ અને ખૈબર પખ્તુનખ્વામાં રાજ્યપાલ શાસન લાદવા જેવા મુદ્દાઓ શામેલ છે.

લાહોરના રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા હતા. સેનાના જવાનોએ બજારો બંધ કરી દીધા હતા અને લોકોને કારણ વગર ઘરો ન છોડવાનો આદેશ આપ્યો હતો. મૌલાના ફઝલુર રહેમાને પાકિસ્તાની સરકાર અને સેના પર બંધારણ અને લોકશાહીને કચડી નાખવાનો આરોપ લગાવતો એક વીડિયો બહાર પાડ્યો હતો. તેમણે જાહેર કર્યું કે અસીમ મુનીરની સેના અને શાહબાઝ શરીફની સરકાર ગમે તેટલો જુલમ કરે, તેઓ અટકશે નહીં કે ઝૂકશે નહીં કારણ કે પાકિસ્તાનના લોકો તેમની સાથે છે અને તેઓ દેશને બચાવવા માટે છેલ્લા શ્વાસ સુધી લડશે.

બેંગકોકના ઓઈલ રિફાઈનરી પ્લાન્ટમાં ભીષણ આગનો બનાવ

નજીકમાં રહેતા લોકોને સ્થળાંતર કરવાની સલાહ અપાઈ

બેંગકોક,

બેંગકોકના સત્તાવાળાઓએ ગુરુવારે જણાવ્યું હતું કે થાઈલેન્ડની રાજધાનીમાં આવેલા એક મુખ્ય તેલ સંકુલમાં વિસ્ફોટ થયો છે. હાલમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. બેંગ ના જિલ્લા કાર્યાલયે નજીકમાં રહેતા લોકોને તે વિસ્તાર ખાલી કરવાની સલાહ આપી છે.

બેંગ ના જિલ્લા કાર્યાલયે તેમના ફેસબુક પેજ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "બેંગચક ઓઈલ ડેપોમાં વિસ્ફોટ થયો છે. લોકોની પોતાની સુરક્ષા માટે, આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને તાત્કાલિક તે જગ્યા ખાલી કરવા વિનંતી કરવામાં આવે છે."

વિસ્ફોટનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં બેંગકોકના પૂર્વીય વિસ્તારમાં આવેલી આ જગ્યાએથી ઘટ્ટ કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

અહેવાલો અનુસાર, આ આગમાં ઓછામાં ઓછા સાત લોકો ઘાયલ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે. જોકે તપાસ ચાલી રહી છે, પરંતુ કેટલાક અહેવાલો સૂચવે છે કે બેંગચક ઓઈલ રિફાઈનરીમાં લાગેલી આગ તેલ સંગ્રહ સુવિધાને બદલે ડિસ્ટિલેશન ટાવર ના સાધનોમાંથી શરૂ થઈ હતી.

સુખી પરિવાર યોજનામાં હિમાચલની ૩.૫૦ લાખ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા મળશે

મુખ્યમંત્રી અપના પરિવાર સુખી પરિવાર યોજના ૧૧ ડિસેમ્બરે શરૂ થશે

શિમલા,

હિમાચલ પ્રદેશમાં ગ્રામીણ પરિવારોને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે, મુખ્યમંત્રી અપના પરિવાર સુખી પરિવાર યોજના ૧૧ ડિસેમ્બરે શરૂ થશે. ગ્રામીણ વિકાસ વિભાગના સચિવે બુધવારે આ યોજના માટે સૂચના જારી કરી. આ યોજના હેઠળ, રાજ્યમાં આશરે ૩૫૦,૦૦૦ પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ ની નાણાકીય સહાય મેળવવાનું લક્ષ્ય છે. વધુમાં, પાત્ર પરિવારોને તેમના ઘરેલું વીજળી વપરાશ માટે દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી મળશે. આ યોજના ફક્ત તે પરિવારોને લાભ આપશે જેમના પરિવારો સર્વેક્ષણ પછી સરકાર દ્વારા ચકાસાયેલ અને મંજૂર થયા છે.

નાણાકીય સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા લાભાર્થી મહિલાઓના બેંક ખાતામાં સીધી મોકલવામાં આવશે. મહિલા ૧૮ થી ૫૯ વર્ષની વચ્ચે હોવી જોઈએ. વધુમાં, આધાર પ્રમાણીકરણ, ઇ કેવાયસી અને આધાર પેમેન્ટ બ્રિજ સાથે જોડાયેલ સક્રિય બેંક ખાતું ફરજિયાત રહેશે. કોઈપણ અન્ય કેન્દ્ર અથવા રાજ્ય સરકારની યોજના હેઠળ સમાન નિયમિત નાણાકીય સહાય મેળવતી મહિલાઓ પાત્ર રહેશે નહીં.

વીજળી રાહત યોજના હેઠળ, એક પરિવારને મહત્તમ બે ઘરેલુ મીટરના કુલ વપરાશ માટે દર મહિને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે. જો કોઈ પરિવાર પાસે એક મીટર હોય, તો ડિસ્કાઉન્ટ તે મીટર પર લાગુ થશે. જો બે મીટર હોય, તો બંનેનો સંયુક્ત વપરાશ ૩૦૦ યુનિટ સુધી મફત રહેશે. આ વ્યવસ્થા વીજળી બોર્ડ દ્વારા લાગુ કરવામાં આવશે.

યોજના હેઠળ, દરેક લાભાર્થી પરિવારની જરૂરિયાતોના આધારે વિકાસ રોડમેપ તૈયાર કરવામાં આવશે. આમાં રોજગાર, સ્વરોજગાર, શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય વિકાસ અને સામાજિક સુરક્ષાનો સમાવેશ થશે.

ખાદ્યપદાર્થોના પેકેજોના આગળના ભાગમાં લાલ ષટ્કોણ ચેતવણી ચિહ્ન મૂકવા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા

કેન્દ્ર સરકાર અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને સિસ્ટમને યોગ્ય રીતે લાગુ કરવા નિર્દેશ

નવીદિલ્હી,

પેકેજડ ફૂડ અંગે, સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે ચરબી, ખાંડ અથવા મીઠાનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય તેવી ખાદ્યપદાર્થોના પેકેજના આગળના ભાગમાં અલગ ચેતવણી ચિહ્નો હોવા જોઈએ. આ ચિહ્નો ગ્રાહકોને ખોરાકમાં ઉચ્ચ ચરબી, ખાંડ અથવા મીઠાનું પ્રમાણ સરળતાથી ઓળખવાની મંજૂરી આપશે. ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે કેન્દ્ર સરકાર અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને આ સિસ્ટમને યોગ્ય રીતે લાગુ કરવા નિર્દેશ આપ્યો.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દરેક ચેતવણી ચિહ્ન લાલ ષટ્કોણ (છ-પોઈન્ટેડ ચિહ્ન) હોવું જોઈએ. તેમાં સંબંધિત માહિતી અને ચિત્ર પણ શામેલ હોવું જોઈએ, જેમ કે ઉચ્ચ ચરબી, ઉચ્ચ ખાંડ અથવા ઉચ્ચ મીઠું. આનો અર્થ એ છે કે જો પેકેજમાં ચરબી, ખાંડ અને મીઠાની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય, તો ત્રણ અલગ ચેતવણી ચિહ્નોનો ઉપયોગ કરવો આવશ્યક છે. એક જ ચિહ્ન પૂરતું નથી.

સુપ્રીમ કોર્ટે એફએસએસએઆઈને ખોરાકમાં કુલ ખાંડ અને સંતૃપ્ત ચરબીના પ્રમાણના આધારે ચેતવણી મર્યાદા નક્કી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ઉમેરાયેલ ખાંડ અથવા ચરબી જ આધાર ન હોવી જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે ચેતવણી મર્યાદા નક્કી કરતી વખતે વૈજ્ઞાનિક તથ્યો અને સંશોધન ધ્યાનમાં લેવા જોઈએ. જો મર્યાદા ખૂબ ઓછી રાખવામાં આવે, તો લગભગ દરેક પેકેજ પર ચેતવણીઓ લખવી પડશે, જે લોકોને આ નિશાનીઓને ગંભીરતાથી લેવાથી નિરાશ કરી શકે છે. જો કે, જો મર્યાદા ખૂબ ઊંચી રાખવામાં આવે, તો ઉચ્ચ સ્તરના હાનિકારક ઘટકો ધરાવતા ઘણા ઉત્પાદનો પર ધ્યાન આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દરેક લાલ નિશાન પેકેજના મુખ્ય ભાગના આશરે ૪ થી ૫ ટકા ભાગ પર કબજો કરે છે જેથી ગ્રાહકો ખરીદી દરમિયાન તેને સરળતાથી જોઈ શકે. વધુમાં, નિશાનોમાં લખાણ એટલું મોટું હોવું જોઈએ કે તે સામાન્ય પ્રકાશમાં સરળતાથી વાંચી શકાય. કોર્ટે કેન્દ્ર સરકારને ૨૦૨૦ ના ફૂડ સેફ્ટી અને લેબલિંગ નિયમોને યોગ્ય રીતે લાગુ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. એ નોંધવું જોઈએ કે સુપ્રીમ કોર્ટે અગાઉ યમુના નદીની બગડતી પાણીની ગુણવત્તાને સંબોધવામાં નિષ્ફળ રહેલા રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને જિલ્લાઓ પર દંડ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે બાળકોમાં સ્વસ્થ આહાર પ્રત્યે જાગૃતિ લાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે. કોર્ટે કહ્યું કે શાળાના અભ્યાસક્રમોમાં જરૂરી ફેરફારો કરવા જોઈએ અને બાળકોને ફક્ત પુસ્તકો દ્વારા જ નહીં પરંતુ વ્યવહારુ માધ્યમો દ્વારા પણ પૌષ્ટિક ખોરાક વિશે શીખવવું જોઈએ. આ માટે, શાળાઓમાં વર્કશોપ, અન્ય પ્રવૃત્તિઓ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરી શકાય છે જેથી બાળકોને સમજવામાં મદદ મળે કે કયા ખોરાક સ્વસ્થ છે અને કયા ટાળવા જોઈએ.

તિરુમાલા મંદિરને મળ્યું અત્યાર સુધીનું સૌથી મોટું વ્યક્તિગત દાન

ભગવાન વેંકટેશ્વરને ૧૨૧ કિલો સોનું અને ૪૫ આભૂષણો અર્પણ કરાયા



તિરુમાલા,

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ને તિરુમાલા મંદિરમાં ભગવાન વેંકટેશ્વર માટે ૧૨૧ કિલો સોનાના આભૂષણોની એક વિશાળ ભેટ પ્રાપ્ત થઈ છે. નવ સેટમાં ગોઠવાયેલા ૪૫ આભૂષણો ધરાવતી આ ભેટનું મૂલ્ય અંદાજે ૧૫૦ કરોડથી ૧૬૦ કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવે છે. સરકારી અને TTD સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રસિદ્ધ પહાડી મંદિરને મળેલી અત્યાર સુધીની આ સૌથી મોટી વ્યક્તિગત ભેટ છે. મંદિર પ્રશાસને ૨૬ નવેમ્બરના રોજ 'X' (ટ્વિટર) પરના તેમના અધિકૃત એકાઉન્ટ દ્વારા આ માહિતી આપી હતી અને આ ભેટને "એક ભક્ત તરફથી મળેલી અસાધારણ ભેટ" તરીકે વર્ણવી હતી. ભગવાન શ્રી વેંકટેશ્વરને મસ્તકથી લઈને ચરણ સુધી સુશોભિત કરવા માટે આ સોનાના આભૂષણો ખાસ તૈયાર કરવામાં આવ્યા છે. આ ભેટ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીની હાજરીમાં અર્પણ કરવામાં આવી હતી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભક્તે આ ભેટ આપતા પહેલા તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ સાથે પરામર્શ કર્યો હતો. ૨૬ નવેમ્બરના રોજ તિરુમાલા ખાતે આ આભૂષણો મંદિર સત્તાવાળાઓને સોંપવામાં આવ્યા હતા. સરકારી સૂત્રોએ PTI ને જણાવ્યું કે, આ દાનમાં નવ સેટમાં ગોઠવાયેલા ૪૫ સોનાના આભૂષણોનો સમાવેશ થાય છે, જેનું મૂલ્ય અંદાજે ૧૫૦ કરોડથી ૧૬૦ કરોડ રૂપિયા છે.

ટ્ટ એ સોશિયલ મીડિયા પર પણ આ ભેટની વિગતો શેર કરી છે અને પુષ્ટિ કરી છે કે સોનાના આભૂષણોનું વજન ૧૨૧ કિલો છે. મંદિરની પોસ્ટમાં જણાવ્યા અનુસાર, આ આભૂષણો ખાસ રીતે તૈયાર કરવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય ભગવાનને મસ્તકથી લઈને ચરણ સુધી સુશોભિત કરવાનો છે.

રેસકોર્સ પાર્કમાં વૃદ્ધા દ્વારા ચલાવવામાં આવતા કુટણખાનાનો પર્દાફાશ

બહારથી ગ્રાહક બોલાવી ૧૦૦૦ વસૂલી દેહવ્યાપાર કરાવાતો, લલનાને ૫૦૦ આપી બાકીના પોતે રાખતી



રાજકોટ:રાજકોટ શહેરમાં દેહવ્યાપારના દૂષણને દૂર કરવા એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે શહેરના પોષ વિસ્તાર સમા રેસકોર્સ પાર્કમાં રિંગ રોડ આવેલ ફ્લેટમાં વૃદ્ધા દ્વારા ચલાવવામાં આવતા કૂટણખાનાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ફ્લેટમાં વૃદ્ધા બહારથી મહિલાઓ બોલાવી સેક્સ રેકેટ ચલાવતી હતી, જેમાં ગ્રાહક દીઠ રૂ.૧૦૦૦ વસૂલી રૂ.૫૦૦ લલનાને આપી બાકીના રૂ.૫૦૦ કમિશન પેટે પોતે રાખતી હોવાનું સામે આવતા પોલીસે વૃદ્ધાની ધરપકડ કરી છે.

રાજકોટ શહેર એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રેષકોર્ષ પાર્કમાં એક મહિલા પોતાના ફ્લેટમાં બહારથી ગ્રાહક બોલાવી દેહવ્યાપારનો ધંધો કરાવે છે, જેથી સ્થળ પર ડમી ગ્રાહક મોકલી દરોડો પાડતા ફ્લેટ ધારક મહિલા શિલ્પા માણેક પોતે બહારગામથી મહિલાઓને બોલાવી પોતાના ફ્લેટમાં રાખી બહારથી ગ્રાહકો બોલાવી દેહ વ્યાપારનો ધંધો કરાવી આર્થીક લાભ મેળવતા હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસમાં કુટણખાનું ચલાવનાર ૬૦ વર્ષીય શિલ્પાબેન ગીરીશભાઇ માણેક પોતે કોઠારીયા મેઈન રોડ પર મેહુલનગરમાં રહેતી હોવાનું સામે આવ્યું છે. પોતે રેસકોર્સ પાર્કમાં ફ્લેટ ખાતે માંડા ડુંગર વિસ્તારમાં રહેતી મહિલાને બોલાવી બાદમાં બહારથી ગ્રાહકો બોલાવી તેની પાસે દેહવ્યાપારનો ધંધો કરાવતી હતી. જેમાં ગ્રાહકદીઠ રૂ.૧૦૦૦ લઈ તેમાથી લલનાને રૂ.૫૦૦ આપી બાકીના રૂ.૫૦૦ કમીશન પેટે પોતે આર્થીક કમાણી કરી પોતાનો જીવન નીર્વાહ ચલાવતી હતી.

પોલીસે આરોપી મહિલા શિલ્પાબેન માણેકની અંગ જડતી કરતા તેમની પાસેથી રૂ.૩૫૦૦ મળી આવ્યા હતાં તથા બે મોબાઈલ મળી આવ્યા હતા જેની કિંમત રૂ.૧૦,૦૦૦ ગણી કુલ રૂ.૧૩,૫૦૦નો મુદામાલ કબ્જે કરી આરોપી મહિલા કેટલા સમયથી કુટણખાનું ચલાવતી હતી. તેમજ અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સામે રોફ જમાવનાર લાઈન બોય-મકસુદ ઓસમાણભાઈ શેખે માફી માગી

રાજકોટમાં ટ્રાફિક પોલીસને પટ્ટો ઉતરાવી દેવા ધમકી આપી હતી, ફરજ રુકાવટ બદલ ગુનો નોંધાયો

રાજકોટ:

રાજકોટના હાર્દ સમા કાલાવડ રોડ પર 'હારીત જવેલરી શો-રૂમ'ના ઓપનિંગ પ્રસંગે ભારે ભીડ એકઠી થતા મુખ્ય માર્ગ પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. આ દરમિયાન ટ્રાફિક નિયમનની કામગીરી કરતા પોલીસકર્મી અને લાઈન બોય વચ્ચે વાહનો હટાવવા મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

જેમાં લાઈન બોયે પટ્ટા ઉતરાવી નાખવાની ધમકી આપતા પોલીસકર્મીએ તુરંત કમરપટ્ટો ઉતારી તેના હાથમાં ધરી દીધો હતો જે સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ASI દ્વારા ફરજ રુકાવટ અંગે ફરિયાદ દાખલ કરાવવામાં આવતા હાલ માલવિયાનગર પોલીસે મકસુદ શેખની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને બાદમાં યુવકે માફી માંગતો વીડિયો પણ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

શહેરના મુખ્ય ગણાતા કાલાવડ રોડ પર નવા શરૂ થયેલા હારીત જવેલરી શો-રૂમના



ઉદ્ઘાટન પ્રસંગે ફિલ્મ સ્ટાર ઋત્વિક રોશનની એક ઝલક જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ સમયે શો-રૂમની બહાર આડેધડ વાહનો પાર્ક થવાને કારણે મુખ્ય રસ્તા પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. પરિસ્થિતિને થાળે પાડવા માટે ફરજ પર હાજર ટ્રાફિક પોલીસના જવાને રસ્તા પરથી વાહનો હટાવવાની કામગીરી શરૂ કરી હતી, દરમિયાન લાઈન બોય મકસુદ ઓસમાણભાઈ શેખ સાથે ઘર્ષણ સર્જાયું હતું.

વાહનો ખસેડવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલી રકઝક જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા લાઈન બોયે કાયદાનો ડર રાખ્યા વિના ફરજ પરના પોલીસ જવાન ભીમભાઈ સરવૈયા સાથે ગેરવર્તન કર્યું હતું અને "પટ્ટા ઉતરાવી નાખવાની" ખુલ્લી ધમકી આપી હતી જેથી કોઈ વિલંબ કર્યા વગર જાહેર રસ્તા પર પોલીસકર્મીએ જાતે પટો ઉતારી લાઈન બોયને હાથમા આપી દીધો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર મામલે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરજ રુકાવટ અંગે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે લાઈન બોય મકસુદ ઓસમાણ શેખની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૩૪ વર્ષીય લાઈન બોય મકસુદ ઓસમાણભાઈ શેખએ વીડિયો મારફત માફી માંગતા જણાવ્યું હતું કે, કાલાવડ રોડ પર ટ્રાફિક પોલીસ સાથે મેં બોલાચાલી કરી હતી એટલા માટે મારી વિરૂધ્ધ કાર્યવાહી માલવિયાનગર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. મારી ભૂલ હોવાના કારણે હું મારી ભૂલ સ્વીકારી માફી માંગુ છું. અને ભવિષ્યમાં આવી કોઈ ભૂલ નહિ થાય તેની ખાતરી આપું છું.

પડધરીના રંગપરમાં પુડલા બનાવતા કેટરર્સ સંચાલકનું હાર્ટ એટેકથી મોત

છાતીમાં દુ:ખાવો ઉપડતા ૧૦૮ની મદદથી સિવિલ ખસેડાયા, સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો

રાજકોટ:



રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના રંગપર ગામે ગઈકાલે રાત્રે એક સામાજિક પ્રસંગના રસોડામાં કામ કરી રહેલા કેટરર્સ સંચાલક યુવકનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. ગોંડલના માંડલ કુંડલા ગામના વતની ૪૨ વર્ષીય પ્રકાશભાઈ કરશનભાઈ પારખીયા રંગપર ગામે બાબુભાઈ પટેલની વાડીએ રાત્રિ જમણવારના ઓર્ડરમાં પુડલા બનાવવાનું કામ કરી રહ્યા હતા, તે સમયે અચાનક તેમની તબિયત લથડી હતી અને સારવાર મળે તે પહેલા જ તેમણે દમ તોડ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ગઈકાલે રાત્રે આશરે ૯ વાગ્યાના સુમારે રસોડામાં પુડલા બનાવવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે તેમને અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડ્યો હતો અને તેઓ સ્થળ પર જ ઢળી પડ્યા હતા. હાજર લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા તેમને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કેટરીંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને તેઓ બે ભાઈ તથા એક બહેનમાં સૌથી નાના હતા. તેમને સંતાનમાં બે દીકરીઓ છે, જેમણે અચાનક પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો છે. પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાનું સામે આવ્યું છે. જોકે, મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

નવા થોરાળામાંથી દારૂના જથ્થા સાથે જગદીશ ઠુમર ઝડપાયો

રાજકોટ:નવા થોરાળાના રામનગરમાંથી દારૂના જથ્થા સાથે જગદીશ ઠુમરને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધો હતો. આરોપીના મિત્ર રૂત્વીક ખેંગારીયાએ દારૂ સપ્લાય કર્યાનું ખુલતાં તેની શોધખોળ પોલીસે આદરી હતી.દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.એલ.ડામોરની રાહબરીમાં એએસઆઈ મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ સંજય અલગોતર, કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા અને નિકુંજભાઈ મારવીયા પેટ્રોલિંગમાં હતાં ત્યારે રામનાથપરા જુની જેલ પાસે પહોંચતા ખાનગી રાહે હકિકત મળેલ કે, જગદીશ વલ્લભ ઠુમ્મર, હાલ નવા થોરાળામાં આવેલ રામનગર શેરી નં. ૧ માં જાહેર રોડ પર વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકના બાચકા સાથે ઉભેલ છે.

જે બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતે પોતાનુ નામ જગદીશ વલ્લભ ઠુમ્મર (ઉ.વ.૪૧, રહે. નવા થોરાળા રામનગર શેરી નં.૪, ખોજા ખાનાની બાજુમાં) હોવાનુ જણાવેલ હતું. તેની પાસે રહેલ પ્લાસ્ટીકનું બાચકું ખોલી જોતા તેમા વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂની કુલ ૪૮ બોટલ રૂ.૨૩૪૦૦ નો મુદામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીની પુછતાછમાં તેને દારૂનો જથ્થો તેનો મિત્ર રૂત્વીક હરેશ ખેંગારીયા (રહે.નવા થોરાળા, રામનગર શેરી નં.૬) એ સપ્લાય કર્યાની કબુલાત આપતાં પોલીસે રૂત્વીક ખેંગારીયાની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ જિલ્લામાં ચાર દરોડામાં દોઢ કિલો ગાંજો ઝડપાયો

ગોંડલમાં એક્ટિવાની ડેકીમાંથી અને પડધરીના મોવૈયામાંથી ગાંજો મળ્યો,શાપરમાં માતા-પુત્રના નેટવર્કનો પર્દાફાશ

રાજકોટ:

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપાર સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જીંદ અને સ્થાનિક પોલીસની ટીમોએ ગોંડલ, પડધરી, શાપર અને ઉપલેટામાં એકસાથે દરોડા પાડીને અંદાજે દોઢ કિલો ગાંજાનો જથ્થો કબજે કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી રાજકોટ, ગોંડલ અને જેતપુરના મુખ્ય સપ્લાયરોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા પોલીસે વર્ષ ૨૦૨૬ દરમિયાન ડ્રગ્સ એક્ટ હેઠળ ૫૧ કેસ કરી ૧૦૬ આરોપીઓને ઝડપી પાડી કુલ ૫.૩૯ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાજકોટ ગ્રામ્ય SOGની ટીમે પેટ્રોલિંગ દરમિયાન ગોંડલની ઉમવાડા ચોકડી નજીક રેલવે અન્ડરબ્રિજ પાસે શંકાસ્પદ હાલતમાં ઉભેલા કરણ મનોજ ભંડેરીની અટકાયત કરી હતી. તેના એક્ટિવાની ડેકીની તલાશી લેતા તેમાંથી ?૨૬,૩૦૦ની કિંમતનો ૫૨૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે વાહન સહિત કુલ ૮૬,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પૂછપરછ કરતા આ જથ્થો ગોંડલના અજીતસિંહ પૂંજા ઝાલા પાસેથી લાવ્યો હોવાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

બીજા દરોડામાં પડધરી પોલીસે બાતમીના આધારે મોવૈયા ગામના હુસેની ચોક ખાતે વલીસ ઉર્ફે ચીચુબાપુ હુસેન બુખારીના મકાનમાં તપાસ કરતા ૨૫૫ ગ્રામ



ગાંજો મળી આવ્યો હતો. પોલીસે વલીસ બુખારીની ધરપકડ કરી પૂછપરછ કરતા તેણે આ ગાંજો રાજકોટના રૂખડીયા પરા વિસ્તારમાં રહેતા ઈસ્માઈલ શેખ પાસેથી વેચાણ અર્થે લાવ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે સપ્લાયરને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે.

ત્રીજા કેસમાં શાપર પોલીસે બુદ્ધનગર મફતિયાપરા વિસ્તારમાં કાસુમા બેરિંગ કંપની સામે આવેલા એક મકાનમાંથી ૨૧૫ ગ્રામ ગાંજાના જથ્થા સાથે જય કાનજી બગડાને ઝડપી પાડ્યો હતો. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે શાપરમાં રહેતા રેહાન ઉર્ફે સાહિલ શાહનવાજ ખરેડીયાને વેચાણ માટે ગાંજાની જરૂર હોવાથી તેણે પોતાની માતા ખેરુન ખરેડીયા પાસેથી માલ લઈ આવવા જણાવ્યું હતું. હાલ શાપર પોલીસે ફરાર સપ્લાયર માતા-પુત્ર ખેરુન અને રેહાન ખરેડીયાની શોધખોળ હાથ ધરી છે.

ચોથા દરોડામાં ઉપલેટા પોલીસે રામગઢ વિસ્તારમાં સ્મશાન રોડ પર આવેલા મકાન માલિક અલ્તાફ અલમશાહ રફાઈના ઘરમાંથી ૩૭૬.૪૩૩૦ ગ્રામ ગાંજો મળી આવતા ૧૮,૮૨૧નો મુદ્દામાલ કબજે કરી તેની ધરપકડ કરી હતી. પૂછપરછમાં અલ્તાફે જણાવ્યું હતું કે જેતપુરનો અપુ બાપુ નામનો શખ્સ તેને વેચાણ અર્થે આ ગાંજો આપી ગયો હતો.

રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા નશાના નેટવર્કને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવા કડક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષે ૫૧ કેસમાં ૧૦૬ આરોપીઓની ધરપકડ કરવા ઉપરાંત ૧૦ રીઢા આરોપીઓ વિરુદ્ધ PIT NDPS હેઠળ કાર્યવાહી કરવા CID ક્રાઈમમાં ભલામણ કરવામાં આવી છે. આ સાથે જ જિલ્લામાં અગાઉ ઝડપાયેલા આરોપીઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે અને માદક પદાર્થો પકડી પાડવા માટે સ્પેશિયલ પોલીસ ડોગ તેમજ ડ્રોન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રાજકોટમાં ટીલાળા ચોકડી પાસે અકસ્માતમાં ઘવાયેલા સિક્યુરિટી ગાર્ડનું મોત

નોકરી પરથી ઘરે પરત ફરતા અકસ્માતનો ભોગ બનેલા યુવકે સારવાર બાદ દમ તોડ્યો

રાજકોટ:રાજકોટમાં ટીલાળા ચોકડી પાસે અકસ્માતમાં ઘવાયેલા કણકોટ પાટિયે રહેતા ૨૮ વર્ષીય યુવકનું સારવાર બાદ ઘરે બેભાન થઈ જતાં મોત નીપજ્યું છે. સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો યુવક કામ પરથી પરત ઘરે જતો હતો ત્યારે અકસ્માતનો ભોગ બન્યો હતો. યુવકના અકાળે નિધનથી પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

કલ્પેશ ચંદુભાઈ વાણવી (પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતાં તેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના ASI ડી.સી. જોષીએ ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, ગત તા.૨૯ ઓક્ટોબરે કલ્પેશ સિક્યુરિટીની નોકરી પૂરી કરીને બાઈક લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન ટીલાળા ચોકડી પાસે અકસ્માત સર્જાતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી.શરૂઆતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ બાદ તેમને વધુ સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી સારવાર બાદ રજા મળતાં તેમને ઘરે લવાયા હતા, જ્યાં અચાનક બેભાન થઈ જતાં તેમણે જીવ ગુમાવ્યો હતો.

હિટ એન્ડ રનની ઘટના

બોલેરો ચાલકે પેટ્રોલ પુરાવવા જતા બાઈકને એડફેટે લીધું,આધેડનું મોત

રાજકોટ:

રાજકોટ નજીક હલેન્ડા ગામ પાસે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં બોલેરો કારના ચાલકે બાઈકને અડફેટે લેતા ૫૦ વર્ષીય રામજી ચૌહાણનું મોત નીપજ્યું છે. પોલીસ તપાસમાં મૃતક રામજીભાઈ પોતાનું બાઈક લઈ પેટ્રોલ પુરાવવા જતા હતા, ત્યારે અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ નજીક હલેન્ડા ગામે રહેતા ૫૦ વર્ષીય રામજીભાઈ ભીખાભાઈ ચૌહાણ ગઈકાલે પોતાનું બાઈક લઈને જતા હતા, ત્યારે ખારચીયા ગામથી હલેન્ડા ગામ વચ્ચે આવેલા એચપીના પેટ્રોલ પંપ સામે પૂરપાટ ઝડપે આવતા બોલેરો કારના ચાલકે રામજીભાઈને બાઈક સહિત પાછળથી ટક્કર મારી હતી. જેના કારણે તેઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા જેમાં તેમને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા થવા પામી હતી. આસપાસમાં રોડ પર ઉપસ્થિત લોકોએ ૧૦૮માં ફોન કરતા ૧૦૮ના EMT yu તપાસી તેઓને ઘટનાસ્થળ પર જ મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ તપાસમાં મૃતક રામજીભાઈ ખેતી કામ કરતા હોવાનું અને તેઓ ચાર ભાઈ અને બે બહેનમાં મોટા હોવાનું સામે આવ્યું છે. રાત્રે તેઓ બાઈકમાં પેટ્રોલ પુરાવવા માટે જતા હતા ત્યારે બનાવ બન્યો હતો. તેમને સંતાનમાં ત્રણ દીકરી અને એક દીકરો છે.

ભક્તિનગર રેલવે સ્ટેશન પાસે જુગાર રમતા ૩ મહિલા અને ૬ પુરુષ સહિત ૯ ઝડપાયા

રાજકોટ:રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન મળેલી સંયુક્ત બાતમીના આધારે ભક્તિનગર રેલવે સ્ટેશનથી ગોંડલ તરફ જતા રેલવે કિ.મી. નંબર ૬/૧૧ નજીક દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમતા ૯ લોકો રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

પોલીસ તપાસમાં ઝડપાયેલા તમામ આરોપીઓ રાજકોટના રહેવાસી હોવાનું જણાય છે.ભરતભાઈ રાજુભાઈ સોલંકી (ઉ.વ. ૩૦, રહે. રણુજા ગઢીવાડ), કિશોરભાઈ માવજીભાઈ સરવૈયા (ઉ.વ. ૩૩, રહે. ઢેબર કોલોની), સાહીલ સંજયભાઈ સોલંકી (ઉ.વ. ૨૭, રહે. લોહા નગર),શોમરાજભાઈ અરવિંદભાઈ હેરમા (ઉ.વ. ૪૫, રહે. રેલનગર),હરેશભાઈ દોલતભાઈ ડાંગી (ઉ.વ. ૫૪, રહે. નવલનગર),મયુરભાઈ ભરતભાઈ કુકાવા (ઉ.વ. ૩૦, રહે. લોહાનગર), મુક્તાબહેન હસમુખભાઈ વેકરીયા (ઉ.વ. ૫૫, રહે. પટેલ ચોક, મૂળ ધમલપર),નસીમબહેન મહેબુબભાઈ પીજારા (ઉ.વ. ૪૮, રહે. ન્યુ સાગર સોસાયટી, જંગલેશ્વર),જયશ્રીબહેન મહેશભાઈ પટેલ (ઉ.વ. ૪૨, રહે. કુબલીયા પરા).

ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસ લેવાં જતાં રાજકોટના યુવકે રૂ.પ.૨૯ લાખ ગુમાવ્યા

ઈન્સ્ટાગ્રામની એડથી શરૂ થયેલી છેતરપિંડી માધુરી દેસવાલ નામની ટેલિગ્રામ આઈડી સુધી પહોંચી અને બુકિંગ-વેરિફિકેશનના બહાને રૂપીયા પડાવ્યાં

રાજકોટ:ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસ લેવાં જતાં રાજકોટના યુવકે રૂ.પ.૨૯ લાખ ગુમાવ્યા હતાં. ઈન્સ્ટાગ્રામની એડથી શરૂ થયેલી છેતરપિંડી માધુરી દેસવાલ નામની ટેલિગ્રામ આઈડી સુધી પહોંચી અને બુકિંગ-વેરિફિકેશનના બહાને રૂપીયા પડાવ્યાં હતાં. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રહેતા યુવકે નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૮/૦૯/૨૦૨૬ ના રોજ તે ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં સ્ટોરી જોતો હતો ત્યારે તેમા એસ્કોર્ટ સર્વિસ માટેની એડ આવેલ, યુવકને તેમાં રસ પડતા તે એડમા આપેલ લીક પર ક્લીક કરતા તે લીંક મારફતે એક ટેલીગ્રામ આઈ.ડી.માં આવી ગયેલ. તે ટેલીગ્રામ આઈ.ડી.નુ નામ માધુરી દેસવાલ હતું. ત્યારબાદ તેમા એસ્કોર્ટ સર્વિસ માટે મેસેજ કરેલ ત્યારબાદ તેઓએ પુછેલ કે, તમે ક્યા સીટીમાં રહોછો તથા તમારુ લોકેશન ક્યા છે.

ત્યારબાદ યુવકે તેમને સીટી તથા લોકેશન જણાવેલ હતુ. ત્યારબાદ તેઓએ એસ્કોર્ટ સર્વિસ માટે બુકીંગ કરવા માટે તેઓએ આપેલ ક્યુઆર સ્કેનરમાં સૌપ્રથમ રૂ.૨૯૯ નાખવાના કહેલ ત્યારે તેમા રૂ.૨૯૯ નાખેલ ત્યારબાદ સર્વિસના રૂ.૨૦૦૦ ટ્રાન્સફર કરવાનું કહેલ તે પણ ટ્રાન્સફર કરેલ હતાં. ત્યારબાદ ફોટો આઈ.ડી માંગેલ જે આધારકાર્ડનો ફોટો તેઓને મોકલેલ ત્યારે તેઓએ આઈડી વેરીફીકેશન ફી પેટે કુલ રૂ.૯૯૯૯ રકમ બે વખત ભરવાનું કહેલ તો યુવકે તે રકમ પણ તેઓને આપેલ ચછ માં નાખેલ હતાં.

ત્યારબાદ તેઓ વ્હોટ્સએપ નંબર ૭૩૫૭૦ ૪૨૪૪૫ તથા ૭૯૦૯૪ ૮૧૨૯૩ થી મેસેજ તથા કોલ કરી યુવક જોડે વાત કરતા અને અલગ અલગ બૂકીંગ પેટે, ફી પેટે તથા વેરીફીકેશન પેટે અલગ અલગ ચછ સ્કેનર તથા ઝકઈ આઈ.ડી. મોકલી તેમા અલગ અલગ ટ્રાન્જેક્શન કરાવી કુલ રૂ.૫.૨૯ લાખ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી ઓનલાઈન ફ્રોડ કરેલ હતો.

આરોપીએ અલગ અલગ બેંક ખાતામા રૂપીયા ટ્રાન્સફર કરાવી મારી રૂ. ૫,૨૯,૭૮૦ ની ઓનલાઈન છેતરપિંડી કરેલની યુવકને જાણ થતા સી.આઈ.ડી. ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ માં કોલ કરી સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી સાઈબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.ડી. ફુલતરીયા અને ટીમે સાયબર માફિયાઓની લીક સુધી પહોંચવા તપાસનો ધમધમાટ આદર્યો હતો.

મોટામવા પાસે નિર્માણધીન બિલ્ડિંગના ગેઈટ પાસેથી કોપર વાયરની ચોરી

રાજકોટ:મોટામવા પાસે તુલસી ગ્રીનની બાજુમાં નિર્માણાધીન બિલ્ડીંગની દિવાલ પાસેથી ૮૦૦ મીટર કેબલની ચોરી કરી અજાણ્યો શખ્સ નાસી છૂટતાં તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે કેનાલ રોડ પર કેવડાવાળી ૨-૨૨ ના ખૂણે રહેતા દેવાંગભાઈ જયંતીભાઈ પીપળીયા (ઉ.વ. ૩૨) એ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ફોરસન સોલાર કંપની વતી સોલારમાં વાયરીંગ ફીટીંગનું મજૂરીકામ કરે છે. છેલ્લા ત્રણ મહિનાથી મોટામવા ગુરુમાર્ગ તુલસી ગ્રનની બાજુમાં આવેલા વ્હાઈટ હેવન નામના બિલ્ડિંગમાં તેમનું કામ ચાલી રહ્યું છે. અને અહીં સોલારને લગતો સામાન બિલ્ડિંગના ગેટ પાસે દિવાલ પાસે રાખ્યો છે.

ગઈ તા.૨૩ ના સાંજના છ વાગ્યા સુધી ફરિયાદી તથા રામભાઈ ભરવાડ બંને અહીં વાઈટ હેવન બિલ્ડીંગ ખાતે સોલારનું વાયરીંગ કામકાજ પૂર્ણ કરી જતા રહ્યા હતા અને આ સમયે ડી.સી કેબલ(કોપર કેબલ) ૮૦૦ મીટર કિં. રૂપિયા ૪૧,૬૦૦ અહીં બિલ્ડીંગના ગેટ બહાર દિવાલ પાસે અન્ય સામાન સાથે રાખ્યો હતો.

બાદમાં તા. ૨૪ સવારના સાઈટ પર આવતા સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હોય અને ડી.સી. કેબલ જોવા મળ્યો ન હતો. જેથી ચોરી થઈ ગયાની જાણ થઈ હતી. બાદમાં યુવાને તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.